# વાયડામિત્ર

વર્ષ : ૯૮ અંક : ૯ સપ્ટેમ્બર - ૨૦૨૦

કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)



With Best compliment form

# Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

**Address**

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**સપ્ટેમ્બર - ૨૦૨૦, પ્રત-૧૧૨૬, વર્ષ-૯૮, અંક-૯**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

## સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

ડી/૬૦૨, વિષ્ણુધારા ગાર્ડન્સ, ઈલોગીયા હોટલ પાછળ,

ઓફ એસ.જી. હાઈવે, ગોતા-જગતપુર રોડ, અમદાવાદ-૩૮૨૪૭૦

ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ-મેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં :** રૂા. ૫૦૦૧/- સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ



કૃષ્ણ બોલવાનો કે લખવાનો વિષય નથી, એ ગાવાનો અને ભક્તિભાવપૂર્વક નાચવાનો વિષય છે, એ રાસ રમવાનો વિષય છે. ગીત અને સંગીતનો વિષય છે. ખરેખર તો કૃષ્ણ અનુભૂતિનો વિષય છે. તમે કોઈ યોગેશ્વરને નાચતા, કૂદતા, રમતા, રાસ કરતા કે વાંસળી વગાડતા જોયા છે?

હિન્દુસ્તાનમાં સંગીત, ચિત્રકળા, શિલ્પો, પદો, ગીતો, કવિતાઓ વગેરેમાંથી કૃષ્ણની બાદબાકી કરો તો શેષ જે રહેશે એ શૂન્ય જ હશે. તમે કૃષ્ણ વિશે જાણો એટલે હિન્દુધર્મ સમજાઈ જાય. આ એક જ માણસ છે જે સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે.

કૃષ્ણને પકડી શકાય નહીં, તે તમારી પકડમાંથી છૂટી જાય એટલે આજે પણ વિશ્વની કોઈ વ્યક્તિ કે ગ્રંથ કૃષ્ણના સમગ્ર જીવનને આલેખી શક્યા નથી. કૃષ્ણ વિશેની જે માહિતી મળે છે તે કટકે કટકે મળે છે. બાળપણથી માંડીને મૃત્યુ સુધીનો સળંગ ઈતિહાસ કોઈ લખી શકતું નથી.

સૌથી જૂના ગ્રંથ મહાભારતમાં કૃષ્ણના ઉત્તરાર્ધથી મૃત્યુ સુધીની કથા દર્શાવી છે. હરિવંશ અને વિષ્ણુપુરાણ કૃષ્ણના મધ્યજીવનની કથા છે અને ત્યાર પછી લખાયેલા ભાગવતમાં કૃષ્ણના બાળપણની કથા છે. આમ, સૌથી છેલ્લે લખાયેલ ગ્રંથમાં કૃષ્ણના જીવનની શરૂઆત છે અને સૌથી પહેલા લખાયેલા ગ્રંથમાં કૃષ્ણના મૃત્યુની વાત આવે છે. આ નવાઈ પમાડે તેવી વાત નથી. આમાં પુરાણકારોનો પણ કોઈ વાંક નથી. કૃષ્ણની જિંદગીને સમગ્રપણે સમજવી કે પારખવી અઘરું કામ છે.

વૈષ્ણવસંપ્રદાયમાં રામ મર્યાદા પુરુષોત્તમ છે અને કૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ છે. રામે માનવજીવનના કેવળ ભવ્ય અને ઉદાત્ત અંશો જ સેવ્યા છે જ્યારે કૃષ્ણે માનવજીવનની અખિલાઈ અને સારાનરસાનો સ્વીકાર કર્યો છે. રામને મર્યાદા છે, કૃષ્ણ મર્યાદાથી પર છે. રામ આચરણ શીખવે છે, કૃષ્ણ જીવવાનું શીખવે છે. જીવનના તમામ સંજોગોને અનુકૂળ બનાવી કૃષ્ણે જીવનનો સાક્ષાત્કાર કર્યો છે. એક જ સિદ્ધાંતની પાછળ ચાલે તે રામ અને માણસ જે કરે તે સિદ્ધાંત બની જાય તે કૃષ્ણ.

કૃષ્ણની કક્ષાને પહોંચી શકે તેવો માણસ થયો નથી અને હવે પછી થશે પણ નહીં. કૃષ્ણની સરખામણી કોઈ સાથે થાય નહીં. કૃષ્ણ એ કૃષ્ણ જેવા જ છે તેમ કહી શકાય.

કૃષ્ણે દુનિયાને આપ્યા જ કર્યું, ક્યારેય કશું લીધું નથી. કોઈ અપેક્ષા પણ નથી. કૃષ્ણને કોણ આપી શકે ? તેઓ પરિપૂર્ણ છે. તેઓ પરાત્પર પરમાત્મા છે. તેઓ સત્વગુણ, રજોગુણ અને તમોગુણથી પરે છે. તેમને કોઈની અને કશાની જરૂર નથી. કૃષ્ણે જે મેળવ્યું તે સ્વપરાક્રમથી મેળવ્યું, પોતાની બુધ્ધિશક્તિથી મેળવ્યું છે. કૃષ્ણનું પ્રદાન વિરાટ છે. જીવનના બધાં જ પાસાંને આવરી લીધા, વિકટ પરિસ્થિતિમાં પણ જીવનથી તેમણે પલાયન કર્યું નથી. જ્યાં સમસ્યા કે અન્યાય જોયો ત્યાં દોડી ગયા છે.

તેમણે સ્રીઓનો મહિમા કર્યો, કોઈ મહામાનવે સ્રીઓનો આટલો બધો સ્વીકાર કર્યો નથી. વીસમી સદીમાં ગાંધીજી સ્રીઓને ઘરની બહાર લાવ્યા અને તેઓને સ્વાતંત્ર્ય ચળવળમાં જોતરી. આ તેમનું મોટામાં મોટું પ્રદાન હતું. કૃષ્ણે બાળકો અને પત્નીઓને પણ ખૂબ પ્રેમ આપ્યો, સમય પણ આપ્યો. તેઓ સત્યભામા સાથે ગૃહસ્થાશ્રમની ચર્ચા કરી શકે છે. અતિવ્યસ્ત હોવા છતાં પરિવારજનોની અને દ્વારિકાવાસીઓની કાળજી લે છે. માટે તેઓ પૂર્ણાવતાર છે.

આ કૃષ્ણની જિંદગી ભાગદોડથી ભરપૂર રહી છે. યાદવકુળમાં જન્મ થયો. યાદવો પછાત જ્ઞાતિના હતાં પણ તેનાથીય પછાત જ્ઞાતિ એટલે કે ગોપ અને ગોવાળ જ્ઞાતિમાં તેમનો ઉછેર થયો. અત્યંત ઉપેક્ષા, અપમાન સહન કર્યા. કૃષ્ણ ક્ષત્રિય નથી. આવો માણસ સર્વથી ઉપરની કક્ષામાં આવી જાય તે તત્કાલીન સમાજને પસંદ ન હતું.

કૃષ્ણને ઓળખી જનારા સૌ પ્રથમ ભીષ્મ હતા. ભીષ્મ મહાભારતમાં વારંવાર તેમનો મહાપ્રાજ્ઞ તરીકે ઉલ્લેખ કરે છે. યુધિષ્ઠિરે રાજસૂર્ય યજ્ઞ કર્યો ત્યારે ભીષ્મે પ્રથમ અર્ઘ્ય એટલે સૌ પ્રથમ કૃષ્ણની પૂજા કરવી તેવો વિચાર પ્રગટ કર્યો. ભીષ્મ તેમને સાચી રીતે સમજી શક્યા છે.

શિશુપાલ અધમવૃત્તિનો હતો. જો કે તેની કૃષ્ણ અંગેની દલીલો સાવ સાચી છે. કૃષ્ણ રાજા નથી, ઉંમરમાં નાના છે, ઋષિ નથી, વિદ્વાન નથી, ભણેલા નથી, ક્ષત્રિય નથી, ઊંચા કુળના નથી, તપસ્વી નથી–આ બધી દલીલો સત્ય હતી પણ કૃષ્ણની સરખામણી કોઈની સાથે થાય નહીં.

તેમના યાદવ કુટુંબમાં જ તેમની કદર ન થઈ. યાદવો તેમને સામાન્ય માણસ જ ગણતા હતા. તેમની પર ચોરીનો આરોપ પણ મૂક્યો. મૃત્યુ સુધી તેમના સમાજમાં ઉપેક્ષા જ થઈ. દરેક ભગવાન, દરેક વિચારક કે દરેક સંશોધક હંમેશા ઉપેક્ષા જ પામે છે. સમાજમાં તેમની કદર થતી જ નથી.

દુનિયાના ઈતિહાસમાં આવા દાખલા ઠેર ઠેર જોવા મળે છે. સોક્રેટીસને ઝેર આપવામાં આવ્યું. ઈશુખ્રિસ્તને વધસ્થંભ પર ચઢાવવામાં આવ્યા. મહમંદ પયગમ્બરને પથ્થરો મારવામાં આવ્યા. ગાંધીજીનું શું થયું ? બધા જ જાણે છે. ગાંધીને વાંચ્યા કે સમજ્યા વગર ગાળો આપવાની એક ફેશન દેશમાં ચાલી રહી છે.

ભાગવતમાં કૃષ્ણનું મનમોહક ચિત્ર રજૂ થયું છે. શુકદેવજી ગર્ભમાં હતા ત્યારે વ્યાસજીએ કૃષ્ણનું વર્ણન કર્યું હતું. શ્યામ ત્વચા, વાંકડીયા વાળ, માથે મુગટ પર મોરપીચ્છ, કાનમાં ડોલ્ફિન આકારના એરીંગ્સ, ભુજા પર ચંદનનો લેપ, અંગ ઉપર પિતાંબર વસ્ત્ર, ગળામાં શોભતો વનમાં ઉગતા ફુલોનો હાર, એ આખો દિવસ ગોચરમાં ગાયોને જોતા રહે છે. આખી રાત વાંસળી વગાડતા રહે છે. તેઓ ગામની શેરીઓમાં માતેલા સાંઢ સાથે કુસ્તી કરતા રહે છે. નદી કિનારે ગોપીઓ સાથે નાચતા રહે છે. જે સૂર્યને અધીરો બનાવે છે અને આકાશના તારાઓને દોડાવે છે. જેના માટે માખીઓ ફૂલો છોડી દે છે. તેઓ સૂકી ભઠ્ઠ ધરતી પર વરસાદરૂપી કાળુ ડિબાંગ વાદળ બનીને આવે છે અને પૃથ્વી હર્ષથી છલકાઈ ઉઠે છે તે કૃષ્ણ.

ગોપાલક કૃષ્ણનું મનોરમ્ય ચિત્ર રજૂ કરવામાં આવે છે પણ એક ગોપાલકનું જીવન કદી આસાન હોતું નથી. પશુપાલન કેટલું અઘરું કામ છે, તેની સત્ય બાજુ ઉજાગર થઈ નથી. એક ચાર પાંચ વર્ષના બાળક માટે પ્રાણીઓ ચરાવવાનું કાર્ય કેટલું અઘરુ કે ત્રાસરૂપ છે તે ઓછી દુઃખદાયક ઘટના નથી. વ્રજમાં કૃષ્ણે ક્યારેય પાદુકા પહેરી નથી. કેશ કપાવ્યા નથી કે અસ્ત્ર-શસ્ત્ર ધારણ કર્યા નથી. તેમને છાતી વીંધી શકે એવા અસ્ત્રની જરૂર નથી કારણ કે તેમની પાસે હૈયું વીંધાય તેવી વાંસળી હતી.

અગિયાર વર્ષની ઉંમરથી જ રાજકારણમાં આવી ગયા. મથુરામાં જુલ્મી શાસક કંસના મૃત્યુમાં તેમણે ભાગ ભજવ્યો. કંસના જુલ્મોની કથા ભારે ત્રાસદાયક છે. તેનો નાશ કર્યા પછી રાજ્ય કંસના પિતા ઉગ્રસેનને સોંપી દીધું. તે જ માણસો તરફથી તેમને જાકારો મળ્યો.

કૃષ્ણે ગોકુળમાં લીલા, મથુરામાં પરાક્રમ અને દ્વારિકામાં પરિવારનું સર્જન કર્યું. ૧૧ વર્ષ ગોકુળમાં રહ્યા, ૧૪ વર્ષ મથુરામાં રહ્યા અને પછી દ્વારિકામાં રહ્યા. દ્વારિકાએ દૂર, અલિપ્ત જગ્યા. હસ્તિનાપુરથી ખૂબ દૂર. મોટી નગરી વસાવી. તેમણે સમાજ સામે પડીને ધર્મની સ્થાપના કરી જે માટે તેઓ પૃથ્વી પર અવતર્યા હતા.

કૃષ્ણમાં વિશેષતાઓનો પાર નથી. કૃષ્ણ કંસને મારી શકે છે, અર્જુનના સારથિ બની શકે છે, ઘોડાના ઘા સાફ કરી શકે છે, ગાયોની સેવા કરી શકે છે, એંઠી પતરાળી

ઊંચકી શકે છે, વિદુરની ભાજી ખાઈ શકે છે, સુદામાના તાંદુલ ખાઈ શકે છે, સુદામાને ભેટી શકે છે. ગોપીઓ સાથે નાચી શકે છે, કુબ્જાનો સ્વીકાર કરી શકે છે, યુદ્ધમાં ટીંટોડીના બચ્ચાનું રક્ષણ કરી શકે છે. તમે સ્ટેટસ છોડીને લગ્ન સમારંભમાં એંઠી થાળી ઉપાડી શકો ? કૃષ્ણ ગોવર્ધન પર્વત ઊંચકે તો ય હળવા રહી શકે, આપણે શેક્યો પાપડ ન ભાંગીએ તો ય ભારેખમ !

કૃષ્ણમાં આંતરવિરોધોનો પાર નથી. બંને સામસામે છેડા પર હોય તેમ લાગે. ક્યાં ગોકુળ–વૃંદાવનનું બંસીવાદન અને ક્યાં કુરુક્ષેત્રની રણભૂમિ પરનો પાંચજન્ય શંખ, ક્યાં મોરપીચ્છની કોમળ સુંદરતા અને ક્યાં સંહારક સુદર્શન ચક્ર, ક્યાં વૃંદાવનની રાસલીલા અને ક્યાં મહાભારતના યુધ્ધની સંહારલીલા, ક્યાં ગોકુળની ભોળી માખણચોરી અને ક્યાં કુરુક્ષેત્રના છળકપટ ! કૃષ્ણને સમગ્રપણે અપનાવવા અઘરા છે, સમજની બહાર છે એટલે દરેક સમાજ પોતપોતાને અનુકૂળ એવા કૃષ્ણને ભજે છે.

આ કૃષ્ણની ખૂબીઓ નિરાળી છે. તેઓ વાંસળી બે હાથે વગાડે પણ ગોવર્ધન પર્વત એક આંગળીએ ઝીલે, તે ગોપીના ચીર હરી શકે અને દ્રૌપદીના ચીર પૂરી શકે. વિષ્ટિ દરમ્યાન જોરદાર દલીલો કરી શકે છે. એ જ કૃષ્ણ દ્રૌપદીના આક્રોશ કે ગાંધારીના શાપ સામે ચૂપ રહે છે. જેવો જેનો કૃષ્ણ પ્રત્યે ભાવ, તેવા તેમને દેખાય. એટલે કંસને દુશ્મન, સુદામાને મિત્ર, યશોદાને પુત્ર, પાંચાલીને સખા અને ગોપીને પ્રિયતમ દેખાય છે.

કૃષ્ણે દુનિયાના કવિઓ, લેખકો, સંગીતકારો, કલાકારોને ઘેલા કર્યા છે. કોઇ પણ લેખક કૃષ્ણ વિષે ન લખે ત્યાં સુધી તે અધુરો છે. કોઈ કવિ કૃષ્ણ કવિતા ન રચે ત્યાં સુધી તે અધૂરો છે. કોઈ સંગીતકાર પોતાની રચનામાં કૃષ્ણને ન લાવે ત્યાં સુધી તેના સંગીતમાં રંગત આવતી નથી. ઉસ્તાદ ફૈયાઝખાં સાહેબને કોઇએ પૂછયું – 'આપના સંગીતમાં આપની પ્રિય ચીજ કઇ ?' જવાબમાં એમણે કહ્યું – 'હું રાગ ખમાજમાં ગાઉ છું.–હોલી ખેલત નંદકુમાર. આ ભજન ગાતી વખતે હું અત્યંત ભાવવિભોર બની જાઉં છું. એક નાનકડો બાળક મારી આંખો સામે નાચતો હોય તેવો અનુભવ થાય છે. રસખાન કહે છે– 'કાન્હા વિના ગાના નહીં ' આચાર્ય મધુસુદન સરસ્વતીએ તમામ ગ્રંથો યમુના નદીમાં વહાવી દીધા અને કહ્યું – 'કૃષ્ણથી વધુ ઉત્કૃષ્ટ તત્ત્વ હોય એમ હું જાણતો નથી.'

આપણે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તેમણે અસંખ્ય લોકોને શુષ્કતાના અભિશાપમાંથી બચાવી લીધા. એમના સમયમાં ધર્મ અસહજ, અમધુર, અલલિત અને અરસિક હતો. મુસ્લિમ શાસકોના અત્યાચારો સામે ટકી રહેવાની

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

જરૂર હતી. ત્યારે તેમના તરફથી મધુરાષ્ટક મળ્યું. મધુરાધિપતે અખિલં મધુરમ્ ! આને કારણે હિન્દુ સમાજમાં માધુર્ય, પ્રેમ અને રસનું આરોપણ થયું. તમે વિચારો–જે માણસને બધું જ મધુર લાગતું હશે તે વ્યક્તિ. માધુર્યથી કેટલી છલોછલ ભરેલી હશે ? મધુરાષ્ટકમાં યોગ અને ભોગનો અદ્ભુત સમન્વય થયો છે. યુક્તં મધુરં અને ભુક્તં મધુરં. જેને મધુરાષ્ટક ન આવડતું હોય તેને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ માનવાની ભૂલ કરવા જેવી નથી. કૃષ્ણ માટે 'મથુરાધિપતિ' કરતાં 'મધુરાધિપતિ' બનવુ વધુ આનંદદાયક છે.

કૃષ્ણે ભગવદ્ગીતા કહી જે હિન્દુ ધર્મની બાળપોથી બની ગઈ. આ ગીતા તેમણે વિકટ પરિસ્થિતિમાં કહી, જેમાં હિન્દુ ધર્મનો પૂરેપૂરો નિચોડ છે. કૃષ્ણના જીવનની ઊંચામાં ઊંચી છલાંગ ભગવદ્ગીતા સમયે પ્રગટ થઈ. ગીતામાં જ્ઞાન, કર્મ અને ભક્તિનું અનોખું ત્રિવેણી સંગમ રચાયું છે. ભગવદ્ગીતા ભારતીય સંસ્કૃતિનો મહાગ્રંથ છે. કૃષ્ણ જ્ઞાની છે પણ જગતને સાક્ષીભાવે, અનાસક્ત ભાવે જુએ છે, તેઓ કર્મમાં પ્રતિષ્ઠિત છે અને ભક્તિની ભીનાશ જીવનમાં પ્રગટ થઈ.

કૃષ્ણના જીવનની વાતોનો કોઈ પાર નથી. તેમનું જીવન અનોખું અને ક્રાંતિકારી છે. કૃષ્ણનું જીવન નૃત્ય દ્વારા પ્રગટ થયું. આજે નૃત્ય ઘટતું જાય છે એટલે કોલેસ્ટરોલ, બ્લડપ્રેશર અને ડાયાબિટીસ વધતા જાય છે.

દુનિયાનું બધું તત્ત્વજ્ઞાન ખરી પડે તો ય માનવજાત બચી જશે, પરંતુ પ્રેમ ખૂટી પડે તો બધું જ મરી પરવારશે. કૃષ્ણ તો પ્રેમેશ્વર છે. પ્રેમનો પર્યાય છે. એટલે કૃષ્ણ અનંત સમય સુધી ભારતીયોના મનમાં રહેશે. સૂરદાસ એટલે જ ગાઈ શકયા–સબસે ઊંચી પ્રેમસગાઈ ! એટલે તો કહે છે – કૃષ્ણને સમજો નહીં. માત્ર પ્રેમ કરો. તેઓ પ્રેમના ભૂખ્યા છે.

એકવીસમી સદી કૃષ્ણની સદી બનવાની છે. આજની નવી પેઢી કૃષ્ણથી ઓછા ડાયનેમિક ભગવાનને સ્વીકારશે કે કેમ એ પ્રશ્ન છે. નવી પેઢી પાસે અર્જુનનો વિષાદ તો છે જ પણ હવે અર્જુનને કૃષ્ણ માટે હતો તેવો સખાભાવ જન્મ એટલી જ વાર છે.

મોરપીચ્છ, વાંસળી, રાસલીલા એ તો બાહ્ય વિચારો છે. તેમની મહત્તા, તેમની બુદ્ધિ, સમજણ અને કોઠાસૂઝમાં છે. માખણચોર, રણછોડ, ગિરધારી વગેરે તેમની લીલાના રૂપ છે, ખરી વાત તો કૃષ્ણ તત્ત્વ છે.

**(ક્રમશ:)**

**– હિમાંશુ શાહ, અમદાવાદ**

**મો. ૯૪૨૯૦૬૭૮૯૦**

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

# સાથી વિના



જયાં તું છે ત્યાં હું નથી, એવું કદી બન્યું નથી
પ્રેમ અમે એવો કર્યો, બાગ આખો ખિલી ઉઠયો.
ઘુઘવતા આ સમંદરના, મરજીવા અમે બની ગયા.
ખાલી હાથ પાછા ફર્યા તો, મહેનત કરવા મંડી પડયા.
ભૂલી ગયા ભૂલો બધી, તું તું નથી હું હું નથી.
આપણે તો એકના એક છીએ, આપણે તો એકમેકના છીએ.
સમય વિતતો જાય છે, જીવન સાથી સાથ છે.
પણ શરીર નબળું થાય છે ને, અચાનક એક ચાલી જાય છે.
દીકરાં છે - દીકરીઓ છે, પૌત્રો તો ઘણા બધા,
એક તૂં નથી તો જાણે, દુનિયા ખાવા ઘાય છે.
પ્રેમે મનો બોલાવે સૌ, સાચવે છે હર ઘડી,
પણ... ખૂટે છે એક ટહુકો તારો, હૈયું ચિરાય જાય છે.
વિસ્તારતા વિચારો બધા, સિમિત થતા જાય છે.
જીવવાની ઈચ્છા તો જાણે, નહીંવત્ થતી જાય છે.

**- ગીતા રમેન્દ્ર પરીખ**

**માર્મિક લઘુ કવિતા**

કયાંક અઢળક પણ ઓછું પડે,
અને કયાંક એક સ્મિત અઢળક થઈ પડે...

સ્વ. વિદ્યાબહેન રસિકલાલ શાહ (કડી)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબેન કે. પરીખ

# "પરિણામ"



– "પરિણામ" એ મનુષ્યના જીવનનો બહુ મૂલ્યવાન ભાગ ગણવામાં આવે છે. આ શબ્દ મનુષ્ય માત્ર સાંભળવાથી જ નહિ પણ વિચારવાથી પણ ગભરાતો હોય છે. પછી ભલે ને એ એક વિદ્યાર્થી હોય કે એક નોકરીયાત માણસ. પરિણામે માણસની જિંદગીમાં એક હરીફાઈ લાવી લીધી છે. પણ ખરેખર શું આ શબ્દથી મૂંઝાવાની જરૂર છે ખરી ? "પરિણામ" લોકોના જીવનને જેટલો સારી રીતે સર કરી જતો હોય છે, તેટલો જ ભયાનક તે હોય છે. આપણા દેશ અત્યારે આત્મહત્યાના વિષયમાં સૌથી વધારે ગતીમાં આગળ વધી રહ્યો છે. જેમાંથી ૫૦–૬૦ ટકા જેટલાં લોકો "પરિણામ"ની બીકથી કે સંબંધના કારણે પોતાના જીવનનું બલિદાન દેતા હોય છે પણ "પરિણામ"એ જીવનનું અંત નહિ પણ એક નવી શરૂઆત છે જે આપણે સૌએ જાતે જ કરવી પડશે.

– "પરિણામ" એ માણસનું વ્યક્તિત્વ નહિ પણ કાબીલીયત બતાવે છે. જે આજકાલના યુવાનો તથા દરેક વ્યક્તિને સમજવાની અત્યંત જરૂર છે. ખાલી આપણા જ સમાજમાં નહિ પણ વિશ્વના અનેક સમાજોમાં આ વિષય ઉપર ગંભીર ચર્ચા થતી હોય છે પણ તે અમૂક સમય પછી એક ચર્ચા બનીને રહી જતાં હોય છે. "પરિણામ" એ માણસને દુ:ખી થઈ બેસી રહેવાનો બોધ નથી આપતુ પરંતુ તેમાંથી કંઈક શીખીને અને નવું મેળવીને આગળ વધવાની હિંમત આપે છે. ભારતમાં એવા કેટલાય મહાપુરુષો જનમ્યાં છે. જેમને અસફળતાનો સામનો કરી તેને માત આપી છે. આપણે એ સમજવાનું છે કે પરિણામ કોઈના જીવનમાં સરખું નથી રહેતું તે બદલાતું હોય છે.

– શું ? એક નિષ્ફળતા, એક પરાજય માણસના જીવન કરતાં મોંઘી થઈ ગઈ છે. આપણે એ જાણવાની જરૂર છે કે કેમ. આજકાલના યુવાનો તથા નાની ઉંમરના બાળકો આ વાતને ઊંડાણથી સમજવામાં પાછા પડી રહ્યા છે. આજના આ ટેકનોલોજીના વાવરમાં અને મોબાઈલના જમાનામાં લોકો માણસની ખરી આવડતને પારખવામાં ભૂલ કરી જતાં હોય છે. તે માત્ર એક યુવાનના પરિણામનાં આંકડાને ધ્યાનમાં રાખી તેને કામે નથી લેતા. આપણે આપણી આવડતને સમજવાની જરૂર છે અને ખરી દિશામાં મહેનત કરી વિજય મેળવવાની ઈચ્છા રાખી આગળ વધવું જોઈએ. જેથી આપણે આપણા પરિવાર તથા સમાજને ગર્વ કરાઈએ.

સ્વ. શાંતાબહેન કનૈયાલાલ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબહેન કે. પરીખ

– આજકાલ દેશ વિદેશમાં ઘણા વક્તા હોય છે જે આ રીતે હતાશ અને નીરાશ થયેલા વિદ્યાર્થી અને યુવાનોને સાચું માર્ગદર્શન આપે છે. જેનાથી તે પ્રોત્સાહિત થઈ કંઈક નવું કરી બતાવવાની ઈચ્છા ધરાવતા હોય છે. હજારો નહિ પણ કરોડો યોનિયો પછી પ્રભુએ આપણને સૌને મનુષ્ય બનાવ્યા. જેથી આપણે કોઈ મહાન કાર્ય કરી દેશ એ સમાજને ઉપયોગી થઈએ.

"સફળતા એક દિવસમાં નથી મળતી, પણ "પરિણામ"ના ભય વગર મહેનતથી એક દિવસ જરૂર મળે છે."

**– તીર્થ રશ્મિકાંત શાહ, ધો. ૧૦, અમદાવાદ**
**મો. ૯૯૭૪૩ ૬૨૭૧૭**

**મન**

**આજે ફરી કાંઈ લખવાનું મન થાય છે**
ના વિષય છે મારી પાસે લખવા માટે
ના કોઈ કારણ....
બસ મનમાં રહેલ ખામોશી ને
આકાર આપવાનું મન થાય છે
**આજે ફરી કાંઈ લખવાનું મન થાય છે.**
વિચારું છું વિષય વગર લખવાનું !!!
શું કારણ હશે મારા વિચારો સ્તબ્ધ થવાનું,
**હા!!** મારા સ્તબ્ધ થયેલ વિચારોને ગતિ દેવા
**આજે ફરી કાંઈ લખવાનું મન થાય છે.**
ઘણા સમય પછી ફુરસદ મળી રોજીંદી પ્રવૃત્તિથી
પણ કામ સાથે વિચારો પણ ફુરસદ માંગે છે મારાથી
પણ **હું ! હું છું** !!!!!
મારા વ્યક્તિત્વને ગતિમાં રાખવા
આજે ફરી કાંઈ લખ્યું.
**મારી જાતને ગતિમાં રાખવા**

**– સી.એ. અર્ચના પરીખ, મુંબઈ**
**મો. ૯૮૬૭૦૬૬૪૩૬**

રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

# એક સ્ત્રીની ઝંખના



Nothing is Impossible Because
Impossible Itself says
I M Possible

હિતાંશી, ખુશ્બુ અને નવ્યા ત્રણેય પાકી બહેનપણીઓ હતી, મહેંદીના કલાસમાં ત્રણેય સાથે જ જાય અને ઘરે પણ સાથે જ પાછા આવતા. હિતાંશી અને ખુશ્બુની ઉંમર આમ તો લગભગ સરખી જ હતી પણ નવ્યા તેમનાથી ચારેક વર્ષ નાની હતી.

હિતાંશીને પોતાના સમાજમાંથી સારા ઘરનું માંગુ આવ્યું અને મિટીંગ કર્યા વગર જ હિતાંશી અને દિવ્યેશના લગ્ન ધામધુમથી થઈ ગયા.

મહેંદીના કલાસ કર્યા પછી ખુશ્બુ અને નવ્યા એ કુકીંગ કલાસ જોઈન કરી લીધા અને રૂટીન મુજબ સાથે જવા – આવવા લાગ્યા. ક્યારેક હિતાંશીની યાદ આવે તો બંને ફોન કરીને ખબર–અંતર પુછી લેતા. થોડા વખત પછી ખુશ્બુને પણ એના લાયક પાત્ર મળી ગયું અને તેના લગ્ન સૌરભ સાથે થઈ ગયા.

હવે નવ્યા સાવ એકલી પડી ગઈ પણ ખુશ્બુ અને હિતાંશી સાથે કોન્ટેક્ટમાં રહેતી, નવ્યા એ મહેંદી, કુકીંગ કલાસ કર્યા પછી બ્યુટી પાર્લરનો કોર્ષ પણ કરી લીધો અને સાથે ભણવામાં ગ્રેજ્યુએશન પણ કરી લીધું. નવ્યાએ પોતાનું ભણવાનું પૂરૂ થયા પછી પોતાના ઘરે જ બ્યુટી પાર્લર ચાલુ કરી દીધું.

---

સમય જતાં ક્યાં વાર લાગે છે. ૩ વર્ષમાં તો નવ્યાનું બ્યુટી પાર્લર ખૂબ ચાલવા લાગ્યું, કારણ કે નવ્યા કામની એકદમ ચોખ્ખી અને નિખાલસ પણ એવી કે પોતાના પાર્લરનું આટલું નામ થવા છતાં પણ તેને જરાય અભિમાન ન હોતું આવ્યું. તે બધાને વ્યાજબી ભાવે પોતાની બ્યુટી સર્વિસ આપતી.

**"થાય એટલું કામ કરીએ"** અને **"કરીએ એટલું કામ થાય"** આ બંને વાક્યોનો તફાવત જેને સમજાય તે જીવનમાં પ્રગતિના પંથે જાય.

નવ્યાએ પણ "કરીએ એટલું કામ થાય"નું સૂત્ર પોતાની જિંદગીમાં અપનાવ્યું

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

હતું. આથી તેનું અને તેના પાર્લરનું નામ રોશન થયું.

હવે નવ્યાની ઉંમર પણ લગ્ન જેવડી થઈ ગઈ હતી. નવ્યા પોતે હતી આટલી બધી હોંશિયાર અને પાછી દેખાવડી પણ ખરી આથી સારા – સારા ઘરના માગા તેની માટે આવવા લાગ્યા. નવ્યાએ ઘણા છોકરા સાથે મીટીંગ કરી પણ અંતે એક Well-Settled ઘરના યુવક ધર્મેશ સાથે લગ્ન કરી લીધા. હિતાંશી અને ખુશ્બુ પણ નવ્યાના લગ્નમાં હાજરી પુરાવી ગયાં.

---

હિતાંશી, ખુશ્બુ અને નવ્યા ત્રણેય પોતાની લગ્ન પછીની જિંદગીમાં બિઝી થઈ ગયા. ખુશ્બુને તો લગ્ન પછીના એક જ વર્ષમાં દીકરી મહેકનો જન્મ થઈ ગયો હતો અને હવે તો મહેક ૪ વર્ષની ઢીંગલી થઈ ગઈ હતી.

હિતાંશીના લગ્નને ૫ વર્ષ પૂરા થવામાં હતા. પરંતુ હજી સુધી તેમના ઘરે પારણું બંધાયું ન હતું. હિતાંશી અને દિવ્યેશે ડોક્ટરની સલાહ પણ લીધી હતી. ડોકટરે બંનેને સાધારણ ખામી છે જણાવીને દવા પણ આપી હતી અને કહ્યું હતું કે રેગ્યુલર દવા લેવાથી તમારા બંનેની ખામી દુર થઈ જશે અને તમારા ઘરે પણ સંતાન થશે. દિવ્યેશને એવું લાગતું હતું કે ખામી ફક્ત હિતાંશીમાં જ છે. આથી મારા ઘરે બાળકનો જન્મ નથી થતો. દિવ્યેશને મનમાં તો એમ જ હતું કે મારામાં કાંઈ જ ખામી નથી. આથી તે હિતાંશીને વારંવાર એવું સંભળાવતો કે "ખામી તારામાં જ છે આથી જ તું માં નથી બની શકતી અને તું જિંદગીમાં પણ ક્યારેય માં નહિ બની શકે."

હિતાંશીનો સ્વભાવ આમ પાછો એવો કે જલ્દીથી કોઈને પોતાની અંગત વાત ન કરે અને મનમાં ને મનમાં ઘુંટાયા કરે આથી હિતાંશી ડિપ્રેશનમાં આવી ગઈ. દિવ્યેશ અને હિતાંશીના સાસરાવાળાઓએ ડિપ્રેશનની દવા કરાવી. હિતાંશી રેગ્યુલર બંને દવા પણ ખાતી તેને થયું કે સંતાન માટે દવા અસર ન કરે તો હું ભગવાનને દુઆ કરુ આથી તેણે કૃષ્ણ ભગવાન અને અંબેમા પર અતુટ શ્રદ્ધાથી પૂજા પાઠ કરવાનું ચાલુ કરી દીધું.

દિવ્યેશ હિતાંશીને મેણા–ટોણા મારતો અને ભગવાન પ્રત્યેની શ્રદ્ધામાં પણ દિવ્યેશને લગીરે વિશ્વાસ ન હતો. હિતાંશી દિવ્યેશની આવી નકામી વાતો સહન કરી શકી નહીં. આથી તેની તબિયત બગડી ગઈ તો તેના સાસરાવાળાંએ તેને તેના માવતરે યોગ સમય માટે મોકલી દીધી.

હિતાંશી પોતાના પિયરમાં પણ માતા–પિતા સાથે ખુલીને વાત કરી શકતી ન હતી કે તેના ઘરમાં પ્રોબ્લેમ શું છે ? આથી થોડા સમય પછી વડીલોના કહેવાથી તે પોતાના સાસરે પાછી આવીને રહેવા લાગી.

ભગવાન પણ જાણે નિષ્ઠુર થઈ ગયા હતા કે જે હિતાંશીની પ્રાર્થના સાંભળતા ન હતા. એક દિવસ હિતાંશીની તબિયત વધારે બગડી ગઈ તે એકદમ હાઈપર થઈ ગઈ, તેને લાગ્યું કે દિવ્યેશ તેને દવા કે દુવા બેમાંથી એકે બાબતે સપોર્ટ નથી કરતા. હિતાંશીની આવી સ્થિતિ જોઈને તેના સસરા તેને હોસ્પિટલ લઈ ગયા અને તેના પપ્પાને પણ જલ્દીથી બોલાવી લીધા.

હિતાંશીને ૪–૫ દિવસ માટે ટ્રીટમેન્ટ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી પણ તેનો પતિ એકવાર પણ તેની પૃચ્છા કરવા ન આવ્યો. હિતાંશીને લાગી આવ્યું અને તેણે આગળ–પાછળનું કશું જ વિચાર્યા વગર નિર્ણય લઈ લીધો કે હવે મારે દિવ્યેશ સાથે નથી રહેવું. કારણકે રોજ રોજ આ માનસિક ત્રાસ મારાથી સહન નથી થાય.

હિતાંશીનું એવું માનવું હતું કે, "વફાદારી હોય કે ઈમાનદારી વારંવાર સાબિત કરવી પડતી હોય તો સંબંધનો છેડો ફાડી નાખવો."

---

દિવ્યેશ અને હિતાંશીએ પ્રેમથી (રાજીખુશીથી) છુટાછેડા લઈ લીધા. હિતાંશીના માતા–પિતાએ પોતાની પુત્રીને ડિપ્રેશનમાંથી બહાર લઈ આવવા માટે દવા સાથે યોગ, પ્રાણાયામ, સકારાત્મક લેખ વાંચવા અને વંચાવવા, મોટીવેશનલ સ્ટોરી વિડીયોઝ દેખાડવાનું ચાલુ રાખ્યું. હિતાંશીનું મન થોડું ખીલવા લાગ્યું અને ઓછાબોલી હિતાંશી બધા સાથે ખુલીને વાત કરવા લાગી.

હિતાંશીના છુટાછેટા પછી પણ કૃષ્ણ ભગવાન અને અંબે માતા પરનો વિશ્વાસ જરા પણ ડગ્યો ન હતો કે ઘટયો ન હતો બલકે ઓર વધી ગયો હતો. હિતાંશીના પિતાએ પુત્રીને શીખવ્યું હતું કે –

"વિપત્તી પડે ના વલખીએ, વલખે વિપત્ત ન જાય,
વિપતે ઉદ્યમ કીજીયે, ઉદ્યમ હી વિપત્ત કો ખાય."

કહેવત છે ને કે, "ધીરજનાં ફળ મીઠાં." એક દિવસ હિતાંશ કૃષ્ણ ભગવાનની આરતી કરતી હતી અને તેના મનમાં વિચાર આવ્યો કે હું આ "કાનુડા"ને આ "લાલા"

ને જ મારો દીકરો માની લઉં તો ! કારણ કે કૃષ્ણ તો પ્રેમનું જ સ્વરૂપ છે. એ નટખટ બાલકૃષ્ણ માખણચોર હોય, રાધા ને ગોપી સંગ રાસ રમતાં કૃષ્ણ હોય કે પછી મીરાં ના ગિરિધર ગોપાલ હોય. હિતાંશીએ તેના માતા–પિતાને વાત કરી અને મનથી "બાલકૃષ્ણ"ને પોતાનો દીકરો માની લીધો.

---

ઘણા વખત પછી હિતાંશી, ખુશ્બુ અને નવ્યા મળ્યા. ઘણાં વખત પછી મળ્યા એટલે ત્રણેયની વાતો ખૂટે તેમ ન હતી. ખુશ્બુએ હિતાંશીને છુટાછેડાનું કારણ પૂછયું એટલે એણે પોતાની આપવીતી કરી સંભળાવી. હિતાંશી અને નવ્યાએ ખુશ્બુની દીકરી મહેકને રમાડી અને પછી હિતાંશીએ નવ્યાને પૂછયું તું તારા લગ્નજીવનથી ખુશ હતો છે ને, તારા વિશે તું કાંઈક કહે, તું તારા સાસરે સુખી તો છો ને ?

નવ્યાએ હિતાંશીને કહ્યું કે આમ તો બધું બરાબર છે. મારા પતિ ધર્મેશ ધંધો કરે છે, સારું કમાય છે પણ હું માતૃત્વ ધારણ નથી કરી શકતી તો તેના માટે મને જ જવાબદાર ગણે છે. જેમ જુના જમાનામાં સાસુ, નણંદ બધા એક સ્રીને જ "માં" ન બનવા માટે જવાબદાર ગણતા તેમ તે પણ જુનવાણી વિચારો ધરાવે છે.

ખુશ્બુ એ તરત જ કહ્યું કે વૈજ્ઞાનિક રીતે જોઈએ તો સ્ત્રી "માં" ન બને તેની માટે જવાબદાર મોટાભાગે પુરુષ જ હોય છે અને હવે તો મેડીકલ ક્ષેત્રે ટેકનોલોજી કેટલી આગળ વધી ગઈ છે તો તું તારા પતિને પ્રેમથી સમજાય કે તે પોતાના જરૂરી ટેસ્ટ કરાવે જેથી સાચી ખબર પડે કે ખામી કોનામાં છે ?

કહેવત છે ને કે, "આંખો બંધ થાય" તે પહેલાં 'ઉઘડી જાય' તો આખો જન્મારો સુધરી જાય.

હિતાંશીએ નવ્યાને કહ્યું કે લગ્ન પછી આપણાં આ સમાજમાં સગા–વ્હાલાં, પરિચિતો, સંબંધીઓ બધા એક જ સવાલ પૂછે છે : Goodnews ક્યારે આપો છો ? આપણે આપણા અંગત પ્રશ્નો બધા સાથે Share થોડી કરી શકીએ. આમ પણ એવું કહેવાય છે કે એક સ્ત્રી જયાં સુધી માતૃત્વ ધારણ ન કરે / મા ન બને ત્યાં સુધી તે અધુરી છે.

હિતાંશી કહે છે કે મને પણ મારી આ અધુરપ દુર કરવી હતી. હું પણ તારા જેવી તકલીફમાંથી પસાર થઈ ચૂકી છું.

સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

મુશ્કેલી, તકલીફ કે દુ:ખના સમયે બેફિકર રહેવું અને પ્રસન્નતાપૂર્વક દુ:ખને સહન કરવું એ જ એકમાત્ર શ્રેષ્ઠ વિકલ્પ છે.

હિતાંશી નવ્યાને આશ્વાસન આપે છે કે જ્યાં સુધી તું પોતે “માં” ન બને ત્યાં સુધી તું મારી જેમ “કૃષ્ણ ભગવાનને” કે “લાલાને” તારો દીકરો બનાવી લે. તું જ્યારે લાલાની સેવા કરે ત્યારે તારા દીકરાની સેવા કરીશ એવો ભાવ રાખવો. જો તારા ઘરમાં લાલો ન હોય તો તું પોતે તારી જે જે દૈનિક ક્રિયા કરે છે જેમ કે સવારે ઊઠવું, નાહવું, કામકાજ કરવું, ભોજન કરતી વખતે, સુતી વખતે બાલકૃષ્ણ તારી સાથે જ છે એવો ભાવ રાખજે. જેથી તને ક્યારેય એવું નહિ લાગે કે તારા ઘરે પારણું કેમ ન બંધાયું ?

**બાલકૃષ્ણની દિનચર્યા :**

| | |
|---|---|
| સવારે જગાડતી વખતે : | જાગો મોહન પ્યારે જાગો... |
| સ્નાન કરાવતી વખતે : | જમુના જળમાં કેસર ઘોળી સ્નાન કરાવું શામળા<br>હલકે હાથે અંગો ચોળી લાડ લડાવું શામળા.. |
| શણગાર કરાવતી વખતે : | લાડ લડાવો લાલાને લાડ લડાવો<br>નાની મોટી ગોપી મળી મંગળ ગાવો રે... લાલાને |
| માખણ, મિસરી ધરાવતી વખતે : | કાનુડા તું માખણ ખાવા આવતો રે જે રે<br>ઘર છે મારું ગોકુળ જેવું ગમશે તને રે... |
| ભોજન વખતે : | લાલાને માખણ ભાવે રે, વ્હાલાને મિસરી ભાવે |
| સુવડાવતી વખતે : | પારણિયું બંધાય યશોદાજી ગાય<br>લાલો મારો પારણિયે ક્યારે પોઢી જાય... |

જે કાંઈ નથી મળ્યું એની ચિંતા ન કરતાં, જે કાંઈ ઈશ્વરે આપ્યું છે તેમાં જ પ્રસન્ન રહીએ તો ઈશ્વરની કૃપા અવશ્ય વરસે.

ખુશીયાં ઔર ગમ સહતી હૈ, ફિર ભી યે ચુપ રહતી હૈ,
અબ તક કિસી ને ન જાના, જિંદગી ક્યા કહતી હૈ ?

હવે, હિતાંશી, ખુશ્બુ અને નવ્યા એક Positive Thinking સાથે Be Positive ની ભાવના સાથે પોતાની જિંદગીને માણે છે.

**– ચાંદની શાહ, રાજકોટ**

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.

સ્વ. જીવણલાલ શાહ (દેત્રોજવાળા)પરીવારનાં જય શ્રી કૃષ્ણ

# આફ્રિકન ડાયરી – ભાગ ૧૦
# લાગોસમાં એર ઈન્ડીયાનું પ્લેન જપ્ત



લાગોસની expartiate તેમજ લોકલ લાઈફ સ્ટાઈલ વિષે આપણે જાણ્યું.

'ટોલી બેબી'ના ઓર્ડર પછી ફેક્ટરી વ્યવસ્થિત ચાલવા લાગી. જાપાનથી ઓર્ડર કરેલ મશીનો પણ બધા આવી ગયા હતા. આમ ફેક્ટરી પૂરજોશમાં ચાલતી હતી. તેથી અમારી કંપનીના મેનેજમેન્ટે બીજા એક અનુભવી એકાઉન્ટ્સ અને મેનેજમેન્ટ ડીગ્રીવાળા મી. પ્રસન્નાને ભારતથી લઈ આવ્યા. મી. પ્રસન્નાએ કોમ્પ્યુટર્સ વસાવી બધી પ્રવૃત્તિઓને તેમાં સમાવી લઈ મેનેજમેન્ટ સીસ્ટમને મજબૂત કરી. આ બધું થતાં અમુક જોબ ઓછા કરવા પડ્યા. પરિણામે સ્ટાફમાં અસંતોષ પેદા થયો અને મિ. પ્રસન્નાને ફેક્ટરી વર્ક્સ અને ઓફિસ સ્ટાફની હડતાલનો સામનો કરવો પડ્યો.

મી. પ્રસન્ના અને તેમના પત્ની રાજશ્રી સાથે મારી અને મારા પત્ની નલિનીની સારી એવી દોસ્તી થઈ ગઈ. મી. પ્રસન્નાને લાગોસમાં આવે લગભગ છ મહિના જ થયા હતા. ત્યાં એક દિવસ સાંજના સમયે ઈકેજામાં જ તેમના નિવાસસ્થાન નજીક ગાડી પાર્ક કરી. શાકભાજી લેવા બંને પતિ–પત્ની ઉતર્યા. ત્યાં અચાનક બે રોબર્સ આવી ચડયા. મી. પ્રસન્નાની સામે ગન રાખી ગાડીની ચાવી માંગી. જાન બચાવવા તેમણે ગાડીની ચાવી આપી દીધી અને રોબર્સ ગાડી ચાલુ કરી ભાગી નીકળ્યા. ભર બજારે આવું બન્યું તેથી પ્રસન્ના અને રાજશ્રીના તો હોશ જ ઉડી ગયા. આ બનાવ પછી મી. પ્રસન્ના કંપનીમાંથી રાજીનામું આપી ભારત જતા રહ્યા. સદ્‌નસીબે અમારે હજુ સુધી આવો કોઈ અનુભવ ન હોતો થયો. પરંતુ આવા પ્રસંગોથી ડર તો બેસી જ જતો.

આમ બીજું એક વર્ષ પૂરૂં થવા આવ્યું. છોકરાઓને સ્કૂલમાં વેકેશન પડ્યું. આ પહેલાં બેંગકોક, હોંગકોંગ અને સિંગાપોરની સફર કરી મુંબઈ થઈ હજુ ઓક્ટોબર, ૧૯૮૬ના અંતમાં જ પાછા ફર્યા હતા. હવે છોકરાઓ મોટા ધોરણમાં આવતા સ્કૂલ બગાડી ફરવા જવાનું યોગ્ય ન હતું તેથી આ વખતે વેકેશનમાં જ લંડન થઈ ભારત જવાનો પ્રોગ્રામ બનાવ્યો. મે, ૧૯૮૭ના મધ્યમાં લાગોસથી લંડન બ્રિટીશ એરવેઝમાં જવા રવાના થયા.

સ્વ. જશુબહેન તથા સ્વ. મફતલાલ પી. પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

અમર નૈમિષભાઈ પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

લંડનના હીથ્રો એરપોર્ટ પર ઉતરી ટેક્ષી કરી લંડનની મધ્યમાં આવેલ એક ખોજા મેમણની હોટલમાં પહોંચ્યા. અહીં પહેલાંથી જ બુકીંગ કરાવેલ. અહીં બેડ અને બ્રેકફાસ્ટની સીસ્ટમ હતી. તેથી સવારે બ્રેકફાસ્ટ કરી ફરવા નીકળી પડતા. હોટેલના મેનેજરની સલાહ પ્રમાણે ઠંડીથી બચવા પૂરતા વસ્ત્રો પહેરવા પડતા અને સાથે ચોકલેટ અને મીંટની ગોળી રાખવી પડતી. જેથી શરીરને ગરમ રાખી શકાય. આખો દિવસ બસ અને અન્ડરગ્રાઉન્ડ ટ્રેનમાં મુસાફરી કરી અલગ અલગ જગાએ ફરવા જતા. બસ અને ટ્રેનમાં એક જ ટીકીટ ચાલતી. રાત પડે પાછા હોટેલ પર પહોંચી જતા અને સાથે જમવા માટે ટેક અવેમાંથી પાર્સલ લઈ જતા. લંડનના અમારા રોકાણ દરમ્યાન નીચેના સ્થળોની મુલાકાત લીધી.

Big Ben, Buckingham Place, Madam Tussad's, Tower Bridge, Tower of London, Trafalgar Square, Hyde Park, Oxford Street.

આ બધી જગ્યાઓનો આનંદ માણી છેલ્લે દિવસે લંડનના ગુજરાતી પરા સમાન Wembleg ની મુલાકાત લીધી. ટ્રેન દ્વારા અમે વેમ્બલી પહોંચ્યા. સૌ પ્રથમ એક સાઉથ ઈન્ડીયન રેસ્ટોરન્ટમાં નાસ્તો કરવા બેઠા. ત્યારબાદ કેટલાક મંદિરોની મુલાકાત લીધી અને તે પછી શોપીંગ કરી બસ સ્ટોપ પાસે ઊભા હતા. ત્યાં એક મોટી ઉંમરના ગુજરાતી બેન મળ્યા. ઔપચારિક વાતચીત બાદ તે અમને એમની દીકરીના ઘેર લઈ ગયા અને સારી એવી આગતા સ્વાગતા કરી. તેમણે એમ પણ કહ્યું કે અમારે હોટેલમાં રહેવાની જરૂર નથી. અમારે ત્યાં રોકાઈ શકો છો પરંતુ અમારે બીજે દિવસે જ મુંબઈ જવાનું હતું. આમ અજાણ્યા માજીની મહેમાનગીરી માણી ત્યાંથી બસમાં અને પછી ટ્રેનમાં અમારી હોટલ પર પહોંચ્યા. આમ અઠવાડિયું લંડનની મજા માણી બ્રિટીશ એરવેઝમાં મુંબઈ જવા રવાના થયા.

મુંબઈમાં લગભગ ત્રણેક અઠવાડિયા રોકાઈ જુન, ૧૯૮૭ના મધ્યમાં ફરી પાછા લાગોસ પહોંચ્યા અને ફરી પાછા રૂટીન કામમાં વ્યસ્ત થયા.

મુંબઈથી સીધા લાગોસ આવવા માટે એર ઈન્ડીયાની ફલાઈટ વાયા નૈરોબીની સગવડ હતી. અઠવાડિયામાં ત્રણેક ફલાઈટ મુંબઈ – લાગોસ વચ્ચે ચાલતી પરંતુ ૨૫ ઓગસ્ટ, ૧૯૮૭નો દિવસ એર ઈન્ડીયા માટે કારમો ગોઝારો નીવડ્યો. આ દિવસે એર ઈન્ડીયાની મુંબઈ – નૈરોબી – લાગોસ ફલાઈટ એરબસ ૩૦૦ લગભગ ૧૫૦ પેસેન્જરો સાથે લાગોસના મુરતલા મહંમદ એરપોર્ટ પર લેન્ડ થઈ.

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

પેસેન્જરો પ્લેનમાં ઉતરી ગયા બાદ થોડી વારે ફલાઈટ પર્સરનું ધ્યાન એરબસના પાછળના ભાગમાં જમીન પર વેરાયેલા કેટલાક પેકેટો તરફ ગયું. ફલાઈટ પર્સરે ફલાઈટ સુપરવાઈઝર અને ફલાઈટ એન્જીનીયરને જાણ કરી. પછી ત્રણે જણે લોકલ સિક્યોરીટી અને કસ્ટમ્સ ઓફિસર્સને જાણ કરવાનું નક્કી કર્યું. પાયલોટ અને બીજા ક્રુ મેમ્બર્સ આ દરમ્યાન પ્લેન છોડી જતા રહ્યા હતા.

લોકલ કસ્ટમ્સ ઓફિસરોએ આવી બધી તપાસ કરતાં પાંચ પેકેટ મળ્યા. દરેક પેકેટમાં નાયસીલ પાવડર ટીનની અંદર બ્રાઉન પાઉડર પેક કરેલ હતો. કસ્ટમ્સ ઓફિસરોએ આ પેકેટો જપ્ત કરી, ત્રણ ક્રુ મેમ્બર્સના સ્ટેટમેન્ટ્સ રેકોર્ડ કરી લીધા અને તેમને રજા વગર હોટલ ન છોડી જવાની શરતે હોટલ પર જવા દીધા. તેમણે પ્લેનને પણ અટકાયતમાં લેવાનો ઓર્ડર આપ્યો.

આ પછી એરઈન્ડિયાના લાગોસ એરપોર્ટ મેનેજર અને ગ્રાઉન્ડ એન્જીનીયરને એરપોર્ટ પર બોલવવામાં આવ્યા અને પેકેટ બાબત પૂછપરછ કરી. ત્યારબાદ તેમના આશ્ચર્ય વચ્ચે તેમને કહેવામાં આવ્યું કે એર ઈન્ડિયા જો ૪૯ મીલયન ડોલરનો ફાઈન ભરશે તો જ પ્લેનને છોડવામાં આવશે. (જો કે પાછળથી આ રકમ થોડી ઓછી કરવામાં આવી).

કેટલાક કલાકો બાદ એર ઈન્ડિયા ક્રુને ફરીથી એરપોર્ટ પર બોલાવી અને આઠ કલાક સુધી પૂછપરછ કરી. ત્યાર બાદ ઈન્ડીયન હાઈકમીશ્નરે વચ્ચે પડી તેમને છોડાવ્યા.

આ વાતનો અહીં અંત નહી આવ્યો. ત્રણ દિવસ પછી છ કસ્ટમ ઓફિસરો શેરેટોન હોટલ ઉપર જ્યાં ક્રુ મેમ્બર્સ ઉતર્યા હતા ત્યાં સર્ચ વોરન્ટ સાથે પહોંચી ગયા. ઘણી રકઝક પછી કસ્ટમ ઓફિસરો કાંઈ મળ્યું નથી એવો રીપોર્ટ આપી જતા રહ્યા.

પરંતુ, નાઈજીરીયન ઓફિસરો પ્લેન મુક્ત કરવા તૈયાર ન હોતા. ત્રણ અઠવાડિયા બાદ ફલાઈટ પર્સર, ફલાઈટ સુપરવાઈઝર અને ફલાઈટ એન્જીનીયરને Miscellaneous Offences Tribunal (MOT) સમક્ષ હાજર થવાનું વોરન્ટ જારી કર્યું અને તેમના ઉપર ચાર્જ લગાવ્યો કે તેમની પાસેથી ૩૨.૫ કીલો કોકેન મળ્યું હતું. જે તેઓ ગેરકાયદેસર એરક્રાફટમાં નાઈજીરીયા લાવ્યા હતા અને એવા કાયદાનો ઉપયોગ કર્યો જે થકી તેઓ પ્રતિબંધિત માલ જે વાહન દ્વારા લાવવામાં આવ્યો હોય તે વાહનને પણ જપ્ત કરી શકાય. જો કે ઈન્ટરનેશનલ સીવીલ એવીયેશનના કાયદા મુજબ પેસેન્જર

એરક્રાફ્ટને જપ્ત ન કરી શકાય. પરંતુ નાઈજીરીયન ઓફિસરોએ એવો કેસ દાખલ કર્યો કે એરબસ માત્ર કોકેન અને પ્રતિબંધિત માલ માટે જ વાપરવામાં આવ્યું હતું. આ બહાના હેઠળ પ્લેનને જપ્ત કરવામાં આવ્યું.

એકબાજુ એર ઈન્ડીયા કોર્ટમાં કેસ લડી રહ્યું હતું તો બીજી બાજુ ઈન્ડિયન હાઈ કમીશન ડીપ્લોમેટીક ચેનલથી કોશીસ કરી રહ્યું હતું. પરંતુ આનો કોઈ જ નિકાલ ન આવ્યો. નવી દિલ્હીમાં પણ MEA એ નાઈજીરિયન હાઈકમીશન સાથે ચર્ચા વિચારણા કરી ઉકેલ શોધવાની કોશિશ કરી. પરંતુ કશો નિવેડો ન આયો. આઉટ ઓફ કોર્ટ સેટલમેન્ટ માટે પણ લોકોલ સીવીલ એવીયેશન સાથે પ્રયત્નો કરવામાં આવ્યા. પરંતુ તે રીતે પણ કોઈ ઉકેલ ન મળ્યો.

કોઈ પણ રીતે ઉકેલ ન આવતાં એર ઈન્ડીયાએ ફેડરલ હાઈકોર્ટમાં અપીલ કરી. નાઈજીરિયન ઓફિસરો એ MOT સમક્ષ રજુઆત કરી કે આ કેસ હાઈકોર્ટના અધિકાર ક્ષેત્રમાં નથી. પરંતુ ન્યાયાધીશે આ રજુઆતને અવગણી પ્લેન મુક્ત કરવાનો ઓર્ડર આપ્યો.

પરંતુ, નાઈજીરીયાની સરકારે આ ઓર્ડર માનવાનો ઈન્કાર કર્યો અને.... માંથી આની વિરુદ્ધ બીજો ઓર્ડર લઈ આવ્યા. આ ઓર્ડરથી તેમને પ્લેન જપ્ત કરવાની છૂટ મળી અને એર ઈન્ડિયાના ત્રણે ક્રુ મેમ્બર્સને લાગોસથી ૩૦ કી.મી.ના અંતરે આવેલી કીરીકીરી જેલમાં હાર્ડકોર ક્રીમીનલ્સ સાથે મોકલી આપ્યા.

એર ઈન્ડીયાએ આ પછી હાઈકોર્ટમાં કન્ટેમ્પટની અપીલ દાખલ કરી. આમ આક્ષેપ, પ્રતિ આક્ષેપ વચ્ચે વાત ઘણી લાંબી ચાલી અને કોઈ ઉકેલ ન આવ્યો.

અમે દરરોજ ઘેરથી ફેક્ટરી કારમાં જતા ત્યારે રસ્તાની સાઈડમાં ધૂળ ખાતું એર ઈન્ડિયાનું પ્લેન જોવા મળતું. છેલ્લા સમાચાર પ્રમાણે ૨૦૧૩ સુધી કોઈ ઉકેલ આવ્યો ન હતો અને ત્રણે ક્રુ મેમ્બર્સ જેલમાં હતા. તે પછી શું થયું તે સમાચાર ઉપલબ્ધ નથી.

કહેવાની જરૂર નથી કે આ બનાવ બાદ એટલે કે ૨૫-૮-૧૯૮૭ બાદ એર ઈન્ડીયાની મુંબઈ – નૈરોબી – લાગોસ ફલાઈટ હજુ સુધી ચાલુ થયેલ નથી.

**– અમૃતભાઈ વાયડા, મુંબઈ**

**મો. ૯૮૨૧૪૬૩૭૯૫**

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## કર્ણ માતા – કુંતી ભાગ – ૧



ભારત વર્ષની ભવ્ય રાજપરંપરાની યશોગાથા ગાતા હસ્તીનાપુરનાં સામ્રાજ્ય પર આજે દુર્યોધનની સત્તા લાલસાથી સર્જાયેલો આંતર–કલહ મહાયુધ્ધ નોંતરશે. સર્વનાશનું રૂપ ધારણ કરશે. સમરાંગણમાં વીરોનાં નિર્જીવ દેહો રગદોળાશે. સેંકડો તારીખોનાં સૌભાગ્ય નંદવાઈ જશે અને અંતે... માનવજાતીનું નીકંદન નીકળી જશે, તેવું સમજાવવા હસ્તીનાપુરનાં રાજ–દરબારમાં શ્રીકૃષ્ણ પોતે ગયા પણ... અંતે... મહાયુધ્ધ જ નિશ્ચીત થતા રાજમાતા કુંતીને વિચાર આવ્યો કે કૌરવ પક્ષે લડનાર તેના પુત્ર કર્ણને તેના જન્મનું ખરૂ રહસ્ય જાણવા મળે કે વાસ્તવમાં તે જ જયેષ્ઠ પાંડુપુત્ર છે અને શાસ્ત્રો અનુસાર એ જ આ રાજગાદીનો ખરો વારસદાર છે તો... કદાચ... તે કૌરવ પક્ષ છોડીનો પાંડવ પક્ષે આવી જાય. પાંડવો આપોઆપ વિજયી થાય અને આવનાર આ મહાયુધ્ધ રોકાઈ જાય તેમાં જ માનવ – કલ્યાણ રહ્યું છે. વિચારી કર્ણને એકાંતમાં મળવા માટે અમાવસ્યાની એક અંધારીરાતે તેઓ પોતે – લપાતા છુપાતા ગંગા નદીનાં તટ પર પહોંચી ગયા અને બાજુની ઝાડીઓમાં સંતાઈને કર્ણની આવવાની રાહ જોવા લાગ્યા.

એવામાં સૂર્યોદય થયો અને મહાદાનેશ્વરી કર્ણનો રથ ગંગા નદીનાં તટ પર આવી પહોંચ્યો.

કર્ણને રથમાંથી નીચે ઉતરીને પગપાળા ગંગાના જળ સમીપ પહોંચીને સૂર્યોપાસનાનો પ્રારંભ કરતો જોઈને એમણે એમની ભીતરમાં કોઈ અનન્ય શક્તિનો સંચાર થતો અનુભવ્યો. તેનાં પ્રચંડ બાહુ, લાંબા કેશ અને સુદૃઢ દેહ પર જડાયેલા કવચ અને કુંડળથી શોભતા કર્ણને પોતાનાં પરમપિતા સમક્ષ બે હાથ જોડીને સ્તુતી કરતો જોઈને તેઓ સ્વાંતરધાન થઈ ગયા, અને મનોમન બોલી ઉઠયા.... ના... ના... ના... ના... આ મહારથી કર્ણ એ કાંઈ સૂતપુત્ર નથી, પણ સૂર્યપૂત્ર છે. તે રાધાનંદન નથી, પણ કૌંતેય છે. પણ... હવે... વર્ષોથી છુપાવી રાખેલું આ સત્ય હું તેને જણાવીશ તો કદાચ તે માનશે નહીં, અને... મારૂં ઘોર અપમાન કરી મુકશે. મને કટુ વચનો કહેશે.

પણ... કર્ણ જેવી સૂર્યોપાસનાં પૂર્ણ કરી ને આંખો ખોલી તો પાવન–ગંગાની પૂર્વ દિશાઓની ઝાડીઓમાં વયોવૃધ્ધ રાજમાતા કુંતીને જોઈને તેના ચિત્તમાં ચાલતો એક

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

ધારો મંત્ર જાપ થંભી ગયો. તેને કોઈ અદ્રશ્ય શક્તિ પ્રેરતી હોય એમ સાહજીક રીતે તેનાં બંને હાથ માતા કુંતી સામે જોડાઈ ગયા અને વિચારવા લાગ્યો કે આજ દિન સુધી જેને માત્ર અને માત્ર એક શત્રુની માતા તરીકે નિહાળતો હતો તેનાં પ્રત્યે આજે આવો અચાનક અણધાર્યા સ્નેહ કેમ ઉપસી આવ્યો ?

આજે એની રાજમાતા પ્રત્યેની દ્રષ્ટી બદલાઈ ગઈ અને એણે પ્રણામ કરીને કહ્યું કે હે દેવી ! હું રાધાનંદન, રાધા અને અધિરથનો પુત્ર કર્ણ છું. કહો ! હું આપની શું સેવા કરી શકું ? એમ કહી રાજમાતા કુંતીનાં જવાબની રાહ જોવા થંભી ગયો.

પછી અચાનક કહ્યું કે હે રાજમાતા ! મધુસુદને થોડા સમય પહેલા જ એમની મધુર વાણીથી મારા જન્મ કાળનો સમગ્ર વૃતાંત મને કહ્યો છે, હવે તમે અચનાક આ રાધાનંદનને એકાંતમાં શું કહેવા આવ્યા છો ? તે નિઃસંકોચ કહો.

હવે કુંતી માતા થોડા સ્વસ્થ થયા અને ગભરાતા ગભરાતા એમની કુમારી અવસ્થામાં બાળસહજ જીજ્ઞાસાથી સૂર્યદેવ ભણી મંત્રોચ્ચાર કરીને "સંયોગ"થી તેનો જન્મ કેવી રીતે થયો. અને... તે ... પછી... તેમાંથી સર્જાયેલી વિવશતાથી સૂર્યદેવની સાક્ષીએ સઘળી સુવિધાઓ સાથે તેને મંજુષામાં કેમ વહાવ્યો, તે રહસ્ય છતું કરીને કહ્યું કે... હે કર્ણ ! તું રાધાનંદન નથી, પણ કૌંતેય છે. શાસ્રો અનુસાર તું જ જયેષ્ઠ પાંડુપુત્ર છો અને હસ્તીનાપુરની રાજગાદીનો ખરો વારસદાર તું જ છે. મારે કૌરવ પક્ષ છોડીને પાંડુપક્ષમાં આવી જઈશું, તો તારા બાહુબળને કારણે આ કૌરવો આ મહાયુધ્ધ કરવા તૈયાર થયા છે તો કદાચ માંડી વાળશે, અને આનાથી થતો માનવસંહાર, સર્વનાશ, સૌ કાંઈ રોકાઈ જશે.

આ સાંભળી કર્ણનું આખું શરીર કાંપવા માંડયું... અને કહ્યું કે હું કુંતીમાતા હું સૂર્યપુત્ર હોવા છતાં સૂતપુત્ર તરીકે ઓળખાયો. જીવનભર વિષપાન કરતો રહ્યો. શસ્ર–પરીક્ષા સમયે ગુરૂ દ્રોણ અને ધનુર્ધર અર્જુનનું અપમાન સહન કરતો રહ્યો અને દ્રૌપદીનાં સ્વયંવરમાં મને હીણો બતાવીને હડસેલી લીધો, ત્યારે તમે બધા ક્યાં ગયેલા ?

કર્ણનાં આ વચનો સાંભળી કુંતીમાતા નિઃસહાય થઈને ભાંગી પડયા. તેમણે તેમની વેદનાની વાત કરીને કહ્યું કે હે દાનવીર કર્ણ ! હું અહર્નીશ તારામાં જ ખાવાયેલી રહેતી હતી. તને જળપ્રવાહમાં વહાવડાવ્યો ખરો, અને તારાથી જરૂર દૂર થઈ, પણ જ્યારે જ્યારે તને યાદ કરતી હતી ત્યારે ત્યારે ઘણી વાર હું મુર્છીત થઈ જતી હતી. તારી પાસે તો માતા તરીકે રાધા હતી પણ મારી પાસે કવચ–કુંડળ ધારી મારો પુત્ર કર્ણ ન હતો.

માતા કુંતીના આ શબ્દો સાંભળી તેનું હૃદય ભરાઈ ગયુ. તેનું સમગ્ર અસ્તિત્વ હચમચી ગયું. જે વિરતાનો તેને ગર્વ હતો તેને ધુળમાં રગદોળાતો જોઈને તે કકળી ઉઠયો. હવે તેને યાદ આવ્યું કે હસ્તીનાપુરની રાજસભામાં એક વસ્ત્રી દ્રૌપદીનું ભરસભામાં ચીરહરણ થયેલું ત્યારે એણે જ પોતાનાં સગાભાઈ – પાંડુપુત્રોની પત્નીને ન કહેવાય એવા શબ્દો કહેલા, યાદ કરીને તે વિવશ બની ગયો.

પણ... અંતે તેણે કુંતીમાતાને કહ્યું કે ના... ના... હું રાધાનો જ પુત્ર છું. રાધા સિવાયની કોઈ માં ને હું ઓળખતો નથી. કર્ણ થોડી ક્ષણો મૌન રહ્યો, પછી થોડું વિચારી પણ બોલ્યો કે હવે કર્ણ લલચાશે નહીં. આજ સુધી સહન કરેલા અપમાનનો બદલો લેવાનો સમય આવી ગયો છે. સૂતપુત્રને સમરાંગણમાં શૌર્ય દાખવવાનો અવસર આવી પહોંચ્યો છે.

હે રાજમાતા ! દુર્યોધન સાથેની મારી મૈત્રી મારા હૃદયની સૌથી મોંઘમાં મોઘી મૂડી છે. પાંડવ જયેષ્ઠ બનીને હસ્તિનાપુરની ગાદીના અધિપતિ બનવાને બદલે, મારા દુઃખના દિવસોમાં મને દિલાસો આપનાર અને મને અંગરાજ કર્ણ બનાવનાર દુર્યોધનને હું ગુમાવવા માંગતો નથી. વળી જન સમૂહ તો એમ જ માનશે કે શ્રી કૃષ્ણનાં સબળ સાથ પામેલા ધનુર્ધર અર્જુનથી ભય પીડિત થઈને હું પાંડવ પક્ષમાં ભળી ગયો છું. મારે પાંડવ પક્ષે યુધ્ધ ખેલીને હું વિજયી બનવા માંગતો નથી.

સૂર્યદેવનો ધીમે ધીમે આકાશમાં ઉંચો ચઢતા જોઈને, કર્ણ – માતા કુંતીએ શરીરનું સઘળું બળ ભેગું કરીને ધ્રુજતા હાથે વ્હાલથી પોતાનાં યુવાન પુત્ર કર્ણનાં મસ્તક પર હાથ મુકીને એનાં વાળ પસારવા લાગ્યા. એના કુંડળને સ્પર્શ કર્યો, અને આ નવજાત શિશુને જળપ્રવાહમાં વહાવતી વખતે જે આંખે હૈયા રૂદન કરેલું એવું જ રૂદન કરીને તેમણે તેમનું સમતોલન ગુમાવતા કર્ણે તેમને તેનાં મજબૂત હાથોથી પકડીને ધરતી પર પડતા અટકાવી દીધા.

કર્ણને માતા કુંતીનો સ્પર્શથતા જ તેનાં દેહમાં એક નવો રોમાંચ જાગી ઉઠયો. આજે પહેલીવાર એણે એવો સ્પર્શ – અનુભવ કર્યો, જેનાંથી જીવનનાં ઝેર પીવાથી સ્વભાવે કટુ થઈ ગયેલા, કર્ણને વાત્સલ્યમય અમૃતની અનુભૂતિ થઈ. એણે આક્રંદ કરતી માતાને શાંત પાડયા અને કર્ણે જ પોતે પોતાનાં હાથે માતા કુંતીના આંસુ લુછયા.

આકાશમાં સહેજ – ઉર્ધ્વસ્થાને આવેલ સૂર્યદેવ આ બધું જોઈને સ્તબ્ધ થઈ ગયા. માતા કુંતી થોડા સ્વસ્થ થયા અને હૃદયની શૂળ ભોંકતી વેદના કરતા કહ્યું કે હે

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

પુત્ર ! આપણી જીવન–કથા જ વિધાતાનાં દુ:ખદાયી ખેલનું જીવતું–જાગતું ઉદાહરણ છે. કહી વહાલથી તેની હથેળી દબાવતાં કહ્યું કે ભારતવર્ષના મુનિઓ એ ભવિષ્ય ભાખ્યું છે કે ભારતની ધરતી પર કળીયુગ આવી રહ્યો છે... એક જ કુળના સંતાનો સામસામે એક બીજાને પરાસ્ત કરવા માટે શિરચ્છેદન, અંગછેદન કરશે, તેવી સ્થિતિ આવનાર કળીયુગના એંધાણ છે. આ બધુ નિયતિની જ લીલા છે, પણ હા... બેટા ! એ વાતમાં તું અડગ રહેજે કે તેં અર્જુન સિવાયનાં તારે ચારેય બાંધવોને તેં જીવનદાન આપ્યું છે.

આ સાંભળી, મહારથી કર્ણે કુંતી માતાના વૃધ્ધ હાથને પોતાનાં હાથમાં રાખી, ધીમા અવાજે કહ્યું કે આ જીવન–દાન નક્કી જ છે, પણ... આજ દિન સુધી જેમ તમે મારા જન્મનું ગુપ્ત રહસ્ય જાળવી રાખ્યું, તે જ પ્રમાણે હવે પછી તમે પણ આ રહસ્યનો કુરૂક્ષેત્રનાં યુધ્ધ સુધી જાળવી રાખશો, નહીંતર રાજપ્રાપ્તી માટે લડનાર આ યુધ્ધમાં પાંડવો મને એમનો જયેષ્ઠ બંધુ માની, મારી સામેના પ્રહારો કરવાનું માંડી વાળે. મારી વિરતાને કાયરતાનું રૂપ આપે અને દુર્યોધને કરેલા ઉપકારોનું ઋણ ચુકવવાનો અવસર છોડી ના દઉં માટે તમે પણ આપણું આ રહસ્યને ગુપ્ત જ રાખજો. એવામાં મહારથી કર્ણ અને કર્ણ માતા કુંતીનો વિખુટા પડવાનો સમય આવી પહોંચ્યો. અંગરાજ કર્ણે માતાનાં ચરણસ્પર્શ કર્યા, ત્યારે કર્ણ – માતા કુંતીની આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વહી રહ્યો હદો અને સાહજીક રીતે બોલ્યા કે હે પુત્ર !! અશ્વ નદીનાં જળમાં તને વહાવતી વખતે, મારી આંખમાં જે આંસુઓ વહી રહ્યા હતા, તે આજે પણ અવિરત રીતે વહે છે. તેનાં જવાબમાં કર્ણે પણ ઉત્તર આપ્યો કે માતા ! તમે કોઈ કારણસર જીવનભર અશ્રુધારા વહાવી પણે હું તો જીવનભર કોઈ પણ પ્રકારનાં કારણઓ વગર અવગણનાં પ્રહારો સહન કરતો રહ્યો.

આ સાંભળી માતાકુંતીએ કહ્યું કે મારા જેવી અભાગી નારી આ દુનિયામાં કોઈ નહીં હોય... બેટા !! તારા જીવનમાં જે ઝંઝાવતો આવી અને જે પ્રહારો સહન કરવા પડયા, તેને માટે તારી આ વૃધ્ધ માતાને તું માફ કરી દેજે.

મારા આશીર્વાદ છે કે તારૂં કલ્યાણ થજો. કર્ણે મસ્તક નમાવીને, આશીર્વાદ સ્વીકાર કરીને, ચાલી જતો જોઈ, કુંતી માતા જમીન પર બસી પડયા અને બંને હાથોથી પોતાનું મુખ સંતાડીને કરૂણ સ્વરે રૂદન કરવા લાગ્યા. તેમની ચારેકોર, ભર અજવાળે પણ અંધકાર છવાયો હતો.

તેઓ ધીમે ધીમે એક લાકડીનાં સહારે ઉભા રહીને... પોતાની કુટીર તરફ

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

જવા નિકળ્યા, ત્યારે સૂર્યદેવ પણ વાદળોમાં છુપાઈને પોતાનો શોક પ્રગટ કરતા હોય, એમ સંતાઈ ગયા અને કળીયુગની પહેલી રાતનો પ્રારંભ થયો.

નોંધ : (૧) ધર્મ દર્શનમાં છ જાતનાં પુત્રોને વારસાનાં અધિકારી કહ્યા છે. એમાં વિવાહ પૂર્વે ઉત્પન્ન થાય તે કાનીન કહેવાય છે અને જે વિવાહ પૂર્વે ગર્ભમાં આવીને વિવાહ પછી ઉત્પન્ન થાય તેને સહોઢ કહેવાય છે.

આવા પુત્રોની માતા, જેની સાથે લગ્ન કરે, તેને તેનાં પિતા માનવામાં આવે છે અને વારસાનાં અધિકારી ગણાય છે. માટે કર્ણ શાસ્રો અનુસાર પાંડુપુત્રોમાં જ્યેષ્ઠ પુત્ર છે અને એ જ ખરો હસ્તીનાપુરની રાજગાદીનો વારસદાર છે.

(૨) મહાભારતની સંવેદનશીલ અને આવી નાજુક ઘટનાને આકાર આપવા શ્રી કુમારપાળ દેસાઈ લિખિત બ્રુહદ નવલકથા "અનાહતા"નો પણ આધાર લેવામાં આવ્યો છે.

**– સનતભાઈ શાહ, અમદાવાદ**
**મો. ૯૬૨૪૪૫૮૩૫૫**

## ક્યાં સુધી ?

હથેળીમાં ચાંદ ક્યાં સુધી જોયા કરૂં,
આકાશના તારાને ક્યાં સુધી શોધ્યા કરૂં,
છબી કે પડછાયો મારો, અવઢવ મનને,
આયનામાં જોઈ હું ક્યાં સુધી રોયા કરૂં?
રણમાં ખજૂરીની પાછળ ઝરણાં છે, ખબર છે,
આંખમાં મૃગજળ છે. ક્યાં સુધી શોધ્યા કરૂં ?
હથેળીના હરણને, બંધન નથી ગમતાં,
દોડવાનો સ્વભાવ છે, સાથે ક્યાં સુધી દોડયા કરૂં ?
તમે તો પેલે પારથી, અવાજ દેતા રહ્યા
ડૂબી જવાની બીકે ક્યાં સુધી કિનારે તર્યા કરૂં?
સમયના પ્રવાહમાં બધું વિખરાયા કરે,
નવી-નવી મહેલાત ક્યાં સુધી બાંધ્યા કરું?

**– દિલીપ શાહ, મુંબઈ, મો. ૯૬૮૯૯૧૨૧૪૮**

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

## આજની પરિસ્થિતિમાં ઓનલાઇન શિક્ષણના લાભ - ગેર લાભ



ભારતમાં શાળા કોલેજ સહિત તમામ શિક્ષણ સંસ્થાઓ પોતાનું શૈક્ષણિક સત્ર પૂરું કરે એ પહેલાં જ કોરોના સંકટને પગલે ૨૪ માર્ચથી બંધ કરી દેવાઈ. લોકડાઉનના એ સમયમાં ઓનલાઇન શિક્ષણ દ્વારા સત્ર પૂરું કરવાનો પ્રયાસ કરાયો. કેટલીય શિક્ષણ સંસ્થાનોમાં વર્ગો ચાલુ હતા અને પરીક્ષા લંબાઈ ગઈ. પ્રાથમિક અને માધ્યમિકના અભ્યાસ વર્ગો ઓનલાઇન ચલાવવા માટે સોશિયલ વિવિધ વેબ પ્લેટફોર્મનો સહારો લેવાયો. ક્યાંક ગૂગલ, તો ક્યાંક જીઓ કે ઝૂમ દ્વારા અભ્યાસ કરાવાયો. ક્યાંક યૂ-ટયૂબ પર ઓનલાઇન સામગ્રી તૈયાર કરાઈ, તો ક્યાંક શિક્ષણના પાઠના વીડિયો તૈયાર કરીને ઓનલાઇન પોસ્ટ કરાયા અને વોટ્સએપના માધ્યમથી વિદ્યાર્થીઓને ગ્રૂપમાં મોકલવામાં આવ્યા. મારે સ્વીકારવું પડશે કે સામાન્ય શિક્ષકો માટે એક નવતર પડકાર હતો. શિક્ષકો દ્વારા ખરેખર સુંદર કામગીરી કરવામા આવી.

૨૯ ઓગસ્ટના જાહેર થયેલ અનલોક ૪ માં પણ શૈક્ષણિક સંસ્થાઓ ને શરૂ કરવા મંજૂરી આપેલ નથી ત્યારે છેલ્લા ૬ માસ થી બંધ વર્ગ ખંડ ને કારણે ઘણા ને પ્રશ્ન થાય કે, ભારતમાં વર્ગખંડનું શિક્ષણ વિલુપ્ત નહીં થાય ને!

ડિજિટલ લર્નિંગને નવું, સમય, સંસાધન અને અંતર દૂર કરનારું માધ્યમ મનાય છે. જ્યારે કેટલાક જાણકારોનું માનવું છે કે તે વિદ્યાર્થીઓમાં એકલાપણું, અલગાવ અને હતાશા પેદા કરી શકે છે. જેમ જેમ કોરોના સંકટને કારણે લોકડાઉનનો વ્યાપ અને સમય વધ્યો તેમ ભવિષ્યની તકેદારી, નિયંત્રણો બેકાબુ બન્યા. આવા સમયે વર્ગો ચલાવવા માટેના સરળ વિકલ્પ વિકસિત કરવાના પણ પડકાર છે. મારું માનવું છે કે વર્ગ ખંડ નું શિક્ષણ વિલુપ્ત થઈ જાય એ ભારતમાં સંભવ નથી. જરૂરત એ વાતની છે કે શિક્ષણનો એક એવો સમન્વયકારી અને સમાવેશી માળખું તૈયાર કરાય, જેમાં ડિજિટલ શિક્ષણ પારંપરિક શિક્ષણ પદ્ધતિની મજાક ઉડાડવા ન લાગે અને ન પારંપરિક શિક્ષણ, ડિજિટલ શિક્ષણના નવા માહોલને અવરોધવાનો પ્રયાસ કરે.

લોકડાઉનથી અનલોક ૪ સુધી ઓનલાઇન શિક્ષણે ભવિષ્યના શિક્ષણનો રોડમેપ તૈયાર કર્યો છે, વાસ્તવિક દુનિયામાં કોવિડની દહેશત, બચાવ અને અપૂરતી

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

સુવિધાઓની વચ્ચે વર્ચ્યુઅલ દુનિયામાં એક ખામોશ ગરમાટો જોવા મળ્યો. ઘર ક્વોરન્ટાઇન જ નહીં પણ ઓનલાઇન કામકાજ અને ઓનલાઇન અભ્યાસ માટેનું સ્થળ બની ગયું. આ સ્થિતિ લગભગ ૬ મહિનાથી વધુ સુધી ચાલી રહી છે. આ આખા અનુભવે ભવિષ્યના શિક્ષણની પદ્ધતિમાં ફેરફારના સંકેત જ આપ્યા નથી પણ સાથે સાથે તેનો માર્ગ પણ તૈયાર કરી દીધો છે.

વર્ચ્યુઅલ કોચિંગ સેન્ટર બનાવવાની દોડ લાગી છે.

વિશેષજ્ઞો એક સમયે એક વર્ગખંડમાં ભણાવતા હતા, હવે સ્ક્રીનો પર ભણાવતા દેખાય છે. મોટે પાયે ઓનલાઇન કોચિંગ સંસ્થાઓ, ડિજિટલ ક્લાસરૂમ અને ઓનલાઇન અભ્યાસક્રમોને મેળવવા માટે રજિસ્ટ્રેશન કરાવવા સ્પર્ધા જામી છે. શિક્ષણ સામગ્રીના ઉત્પાદન અને ઉપયોગ માટે એક નવું ઈ–માર્કેટ ખૂલી ગયું છે. કોરસેરા, બાઇજૂસ, વેદાંતુ અને માઇન્ડસ્પાર્ક જેવા ઘણા ઓનલાઇન શિક્ષણ પ્લેટફોર્મ અને ટયૂટોરિયલની માગ છેલ્લા કેટલાક વર્ષોથી જોવા મળી છે. આ લોકપ્રિયતાનું જ કારણ છે કે ઓનલાઇન ક્લાસોના પ્લેટફોર્મ બાઇજૂસના સંસ્થાપક બાઇજૂ રવીન્દ્રન ભારતના સૌથી યુવાન અબજપતિ ગણાય છે. ફોર્બ્સની યાદીમાં તેમની સંપત્તિનું કુલ મૂલ્ય લગભગ બે અબજ ડોલર આંકવામાં આવે છે.

મારી દ્રષ્ટિએ યોગ્ય માહોલની જરૂર ઓનલાઇન શિક્ષણની મજબૂરી અને આકર્ષણની વચ્ચે એ જાણવું જરૂરી છે કે શું સંખ્યાના આધારે ખરેખર દેશ તેના માટે તૈયાર છે ખરો ?

એક અભ્યાસ મુજબ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓવાળા એવા ફક્ત ૧૨.૫ ટકા પરિવાર જ છે, જેમના ઘરમાં ઇન્ટરનેટ છે. ભારતીય સ્ટેટેટિક્સ પંચમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર અભિરૂપ મુખોપાધ્યાયે રાષ્ટ્રીય સેમ્પલ સર્વે સંગઠનના આંકડાના આધારે પોતાના એક લેખમાં જણાવ્યું કે યુનિવર્સિટીઓમાં ભણતા ૮૫ ટકા શહેરી વિદ્યાર્થીઓની પાસે ઇન્ટરનેટ છે, પરંતુ તેમાંથી ફક્ત ૪૧ ટકા પાસે ઘરે ઇન્ટરનેટ છે. બીજી તરફ ૫૫ ટકા ઉચ્ચ શિક્ષણના ગ્રામીણ વિદ્યાર્થીઓમાંથી ફક્ત ૨૮ ટકા વિદ્યાર્થીઓ પાસે જ પોતાના ઘરે ઇન્ટરનેટ છે. રાજ્યવાર પણ તફાવત જોવા મળે છે. કેરળમાં ૫૧ ટકા ગ્રામીણ પરિવારોમાં ઇન્ટરનેટ છે પરંતુ ફક્ત ૨૩ ટકા લોકો પાસે જ ઘરમાં ઇન્ટરનેટ છે. પશ્ચિમ બંગાળ અને બિહાર જેવા રાજ્યોમાં તો સાતથી આઠ ટકા ગ્રામીણ પરિવારોમાં જ ઇન્ટરનેટ છે.

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

કોરોનાની મહામારીમાં ઓનલાઇન શિક્ષણનો ઉદ્યોગ ૨ અબજ ડોલરનો થશે! આ આપણી વરવી વાસ્તવિકતા છે. ઓડિટ અને માર્કેટિંગની ટોચની એજન્સી કે.પી.એમ.જી અને ગૂગલે ભારતમાં ઓનલાઇન શિક્ષણ : ૨૦૨૧ શીર્ષક હેઠળ એક અહેવાલ તૈયાર કર્યો છે. જેમાં ૨૦૧૬થી ૨૦૨૧ના સમય દરમિયાન ભારતમાં ઓનલાઇન શિક્ષણના વ્યવસાયમાં આઠ ઘણી અભૂતપૂર્વ વૃદ્ધિ થઈ છે. ૨૦૧૬માં એ કારોબાર લગભગ ૨૫ કરોડ ડોલરનો હતો અને ૨૦૨૧માં તે લગભગ ૨ અબજ ડોલર થઈ જશે. શિક્ષણના પેઈડ યુઝરોની સંખ્યા ૨૦૧૬માં લગભગ ૧૬ લાખ દર્શાવાય છે. જે ૨૦૨૧માં તે સંખ્યા લગભગ ૧ કરોડ થઈ જવાની સંભાવના છે. સરકારી આંકડા મુજબ દેશમાં ૯૯૩ યુનિવર્સીટીઓ, ૪૦ હજાર મહાવિદ્યાલય અને ૩૮૫ ખાનગી યુનિવર્સીટીઓ છે. ઉચ્ચ શિક્ષણમાં લગભગ ૪ કરોડ વિદ્યાર્થી છે અને નોંધાયેલા વિદ્યાર્થીઓનો દર એટલે કે ગ્રોસ એનરોલમેન્ટ ગુણોત્તર વધીને ૨૬.૩ ટકા થઈ ગયો છે. દેશના મુખ્ય શિક્ષણ બોર્ડ સી.બી.એસ.ઇ.ની ૨૦૧૯ની પરીક્ષા માટે ધોરણ ૧૦ અને ૧૨માં ધોરણમાં ૩૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા. સી.આઇ.એસ.ઈ ઉપરાંત વિભિન્ન રાજ્યોના શાળા બોર્ડોના વિદ્યાર્થીઓની સંખ્યા તો કરોડોમાં છે. આ આંકડા જોતાં ઇન્ટરનેટ શિક્ષણ સાથે જોડાયેલી એજન્સીઓ ફાયદાની આશા રાખી રહી રહી છે. ઓનલાઇન લર્નિંગ હેઠળ વર્ચ્યુઅલ વર્ગો અને વીડિયો– ઓડિયો સામગ્રી, રજૂઆત, અભ્યાસક્રમ અને ટયૂટોરિયલ તો છે જ. વેબિનાર, માર્ક ટેસ્ટ, વીડિયો અને કાઉન્સલિંગ વગેરેની પ્રવૃત્તિઓ પણ ઓનલાઇન સંચાલિત કરાય છે.

ભારત જેવા દેશમાં ડિજિટલ શિક્ષણમાં પણ અમીરી–ગરીબી વચ્ચેની ખાઈનું વિભાજન છે જ !

શિક્ષણ જગતમાં આ મુદ્દે ચર્ચા છે કે ઓનલાઇન સંકેત શું ભવિષ્યમાં વધુમાં વધુ બાળકોને ઉચ્ચ સ્તરનું શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની સંભાવના આપશે ?

અહીં વાત ફક્ત ઇન્ટરનેટ અને અભ્યાસની નથી. વાત એ વિકરાળ ડિજિટલ વિભાજનની છે, જે આ દેશમાં અમીરો અને ગરીબોમાં દેખાય છે. ઓનલાઇન ક્લાસની ટેક્નિક જરૂરિયાત અને સમયની માગ ઉપરાંત એક સવાલ શિક્ષક અને વિદ્યાર્થીઓની વચ્ચે અને સહપાઠીઓ વચ્ચેના પારસ્પરિક લગાવ અને સામાજિક જોડાણનો પણ છે. વર્ગખંડમાં શિક્ષક સંવાદ અને સંચારના અન્ય માનવીય અને ભૌતિક સાધનોનો પણ ઉપયોગ કરી શકે છે પરંતુ ઓનલાઇનમાં એવું કરવું સંભવ નથી. બધાની સાથે એક

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

લગાવ જાળવી રાખવું વર્ચ્યુઅલ કલાસરૂમનું સૌથી મોટું નકારાત્મક પાસું છે. કમ્પ્યુટર નિષ્ણાતના કહેવા મુજબ બીજી તરફ શહેરોમાં ઝૂમ નામની એપ દ્વારા થતા અભ્યાસ દરમિયાન ટેક્નિકલ સમસ્યાઓ ઉપરાંત પ્રાઇવસી અને શાલીનતાને જોખમ જેવા મુદ્દાઓ પણ પેદા થયા છે. કેટલીક બીજી બાબતો પણ જોવા મળી છે. સોશિયલ મીડિયા નેટવર્કિંગમાં એમ તો અજ્ઞાત રહી શકાય પરંતુ ઓનલાઇન શિક્ષણ માટે પ્રમાણિત ઉપસ્થિતિ, ધૈર્ય અને અનુસાશન પણ જોઈએ. સ્વાભાવિક છે કે આ નવો અનુભવ વિશેષ તાલીમની માગ કરે છે.

બધા પાસે ઇન્ટરનેટ નથી, દુરસ્ત શિક્ષણ માટે પણ ઓનલાઇન માધ્યમ સૌથી કારગત મનાય છે. દરમિયાન, સરકારે પોતે ઈ–બસ્તા અને ઈ–ડિજિટલ ઇન્ડિયા જેવા અભિયાન શરૂ કર્યા છે. આ ઉત્સાહી તસવીર જોતાં આભાસ થઈ શકે છે કે ભારતમાં શિક્ષણ આંખના પલકારામાં ઓફલાઇનથી ઓનલાઇન મોડમાં જતું રહેશે. પરંતુ આંકડા જેટલા આકર્ષક છે વાસ્તવિકતા એટલી જ જટિલ છે કેમકે હજુ આ બધી પ્રક્રિયા વિખેરાયેલી છે. તેમાં કોઈ એકરાગિતા કે યોજનાબદ્ધ કશું નથી. કંઈક પણ વિધિવત નથી. સ્માર્ટ ક્લાસરૂમ અને ડિજિટલ સંપન્ન હોવાનું ગૌરવ ગણાવતા ઓનલાઇન વર્ગ ચલાવવા માટે શાળા અને યુનિવર્સિટી પ્રશાસન કેટલા તત્પર છે, એ કહેવું મુશ્કેલ છે. પરંતુ તેની સાથે જોડાયેલી વ્યવહારિક પરેશાનીઓ ટૂંક સમયમાં જ સપાટી પર આવવા લાગશે. ક્યાંક ઇન્ટરનેટ કનેક્શનનું સંકટ તો ક્યાંક સ્પીડ, ક્યાંક વીજળી તો ક્યાંક બીજી ટેક્નિકલ અને ઘરેલુ સમસ્યાઓ છે.

મારા લેખના અંત માં એટલું જ કહેવું છે કોરોના જેવી મહા મારી ના સમયમાં જ્યારે વાસત્વિક વર્ગો બંધ છે ત્યારે શિક્ષણ સાથે જોડાયેલ દરેક શિક્ષકો તેમના વિદ્યાર્થીઓ ને વિશેષ આપવા કાંઈક નવું શીખ્યા છે, ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિવસના દરેકને સલામ

**– પરેશ શાહ, મો. ૯૨૨૭૧ ૦૪૮૯૬**
**કાઉન્સેલર**
**ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ**
**વડોદરા**

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

# ભારતીયોની દિવાળી



શ્રાવણ વદ બીજ, ૫મી ઓગસ્ટ, બુધવારના રોજ અયોધ્યામાં જે ઘડીની દરેક ભારતીય, દરેક હિન્દુ ૫૦૦ વર્ષોથી રાહ જોઈ રહ્યો હતો, તે રળિયામણી ઘડી, તે શુભ મંગળ ઘડી, ભગવાન શ્રી રામનું ભવ્ય અને દિવ્ય શ્રી રામ મંદિર બંધાવવાની શરૂઆત થઈ જશે અને અંદાજે ત્રણ થી ચાર વર્ષમાં ભગવાન શ્રી રામની જન્મભૂમિ પર આ પાવનકારી ધરતી પર આપણા સૌના હ્રદયમાં વસતા આપણા પ્રભુ શ્રીરામના આપણે મંગલમય દર્શન કરી શકીશું.

અયોધ્યામાં ભગવાન શ્રીરામની જન્મભૂમિ પર ૫મી ઓગસ્ટના રોજ આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના શુભ હસ્તે તથા બીજા મહાનુભાવોની હાજરીમાં ભગવાન શ્રીરામના મંદિરનો શિલાન્યાસ થશે. ત્રણ દિવસ સુધી ભગવાન શ્રીરામના મંદિર માટે વિધી થશે અને ત્યાર બાદ તુરંત જ મંદિરનું નિર્માણ શરૂ થઈ જશે.

અનેક અડચણો બાદ, અનેક વિઘ્નો પછી જ્યારે આપણા પ્રભુ શ્રીરામને તેમની જ ભૂમિ આપણે અર્પણ કરી રહ્યા છીએ, ત્યારે આપણે આ મંદિરની વિશેષતા જાણીએ.

વિશ્વ વિખ્યાત રામલલ્લા મંદિરનો નવો નકશો તૈયાર કરવામાં આવ્યો છે, તે મુજબ મંદિરમાં ૩ નૃત્ય મંડપનો વધારો કરવામાં આવ્યો છે. આ મંદિરમાં એક સાથે ૧૦ હજાર શ્રધ્ધાળુઓ ભગવાન શ્રી રામના દર્શન કરી શકશે. મંદિરનો પાયો ૧૫ ફૂટ ઊંડો હશે, તથા પાયામાં ૮ લેયર હશે, પાયાનું પ્લેટફોર્મ તૈયાર કરવા માટે ક્રોંકીટ, મોરંગનો ઉપયોગ થશે. મંદિરમાં ક્યાંય પણ લોખંડનો કે સિમેન્ટનો ઉપયોગ નહીં થાય તે સૌથી મહત્વપૂર્ણ બાબત છે. શ્રી રામલલ્લાનું મંદિર જમીનથી ૧૭ ફૂટ ઊંચું તૈયાર થશે તથા તેમાં તૈયાર કરેલા ૭૦ હજાર ઘન ફૂટ પત્થરો તથા ૩ લાખ ૭૫ હજાર ઘન ફૂટ નવા પથ્થરનો સમાવેશ કરવામાં આવશે. તે પથ્થરો બંસીપુરાથી મંગાવવામાં આવશે. મંદિર ત્રણ માળનું તૈયાર થશે.

૫મી ઓગસ્ટના રોજ બપોરે ૧૨-૧૫ કલાકે, શ્રીરામ પ્રભુના જન્મ સમયે જ રામલલ્લાના મંદિર નિર્માણની કામગીરી શરૂ થઈ જશે. શ્રી રામજન્મભૂમિ તિર્થ ક્ષેત્રને

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ - મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

મળેલ જમીન પર ભગવાનનું ભવ્ય અને દિવ્ય મંદિર બનશે તથા મંદિરના પરિસરમાં શ્રધ્ધાળુઓ માટે વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. મંદિરપરિસરમાં નક્ષત્ર વાટિકા બનાવવામાં આવશે તેમાં ૨૭ નક્ષત્રના વૃક્ષો લગાવવામાં આવશે. પરિસરમાં વાલ્મીકિ રામાયણ વર્ણિત વૃક્ષો પણ લગાવવામાં આવશે.

મંદિર પરિસરમાં રામકથા કુંજ પાર્ક પણ બનશે, જે ભગવાન શ્રી રામના જીવનચરિત્ર પર આધારિત હશે. તથા અહીં ખોદકામ દરમિયાન મળેલા અવશેષોનું સંગ્રહાલય પણ બનાવવામાં આવશે. આ મંદિરના આર્કીટેક શ્રી નિખિલભાઈ સોમપુરા છે. જેમણે આખા મંદિરની ભવ્યતાનું ખૂબ જ ધ્યાન રાખ્યું છે. તેઓ ગુજરાતમાં સોમપુરા સમાજના કારીગરોને મંદિર નિર્માણ માટે અયોધ્યા લઈ જશે.

ભગવાન શ્રી રામ જન્મ ભૂમિ પૂજનમાં ટ્રસ્ટના વડા મહંત નૃત્ય ગોપાલદાસજી મહારાજ મંદિર માટે ૪૦ કિલોની ચાંદીની શ્રીરામ શિલા આપશે જેને વડાપ્રધાનશ્રી ભૂમિપૂજન માટે મુકશે. ભૂમિપૂજન માટે તામ્રપત્ર પણ સંસ્કૃત ભાષામાં તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેમાં રામમંદિર સંબંધિત મહત્વપૂર્ણ જાણકારી લખેલી હશે. આ ઉપરાંત તામ્રપત્ર પર મંદિરનું નામ, સ્થાન, નક્ષત્ર, સમય લખેલો હશે જેને પાયામાં રાખવામાં આવશે. આ દિવસે તમામ પ્રમુખ તીર્થસ્થળોની માટી અને નદીઓના જળથી ભૂમિપૂજન કરવામાં આવશે.

૫મી ઓગસ્ટનો દિવસ એ દરેક ભારતીયો માટે, દરેક હિન્દુઓ માટે દિવાળીથી ઓછો મહત્વપૂર્ણ નહીં જ હોય, આ જ દિવસે જ્યારે વર્ષ ૨૦૧૯માં જમ્મુ કાશ્મીર પણ ભારતનું અભિન્ન અંગ બની ગયું હતું તથા આ જ દિવસે ભગવાન શ્રી રામના મંદિર નિર્માણની પણ શરૂઆત થઈ રહી છે ત્યારે આપણે સૌ આ દિવસે આપણે અયોધ્યા તો નહીં જઈ શકીએ, પરંતુ આપણે સૌ આપણા ઘરને અયોધ્યા બનાવીશું. જેમ દિવાળીના રોજ ભગવાન શ્રી રામ અયોધ્યા પધાર્યા હતા તેની ખુશીમાં આપણે ઘરમાં, આંગણામાં દિવા પ્રગટાવી દિપોત્સવની ઉજવણી કરીએ છીએ. તે જ રીતે આ દિવસે પણ આપણે સૌ દિવા પ્રગટાવીને આ દિવસને યાદગાર બનાવી દઈએ અને ભગવાન શ્રી રામને પ્રાર્થના કરીએ કે તેમની આ પાવનકારી ધરતી પર ફરીથી કાયમ માટે રામરાજ્ય સ્થાપેલું રહે.

**"એક જ સૂત્ર, એક જ નામ, જય શ્રી રામ, જય શ્રી રામ."**

ભારત માતા કી જય

**– રીપલ પરીખ, મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫,**

**અમદાવાદ**

ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

## સંગીતમાં શ્રુતિ સ્વરનું આરોગ્ય શાસ્ત્ર



રાગાશ્ચતુર્વિધા દેશ્યશુદ્ધસાલિગછાઈલા ॥
ઓડવઃ ષાડવઃ પૂર્ણોડપૂર્ણો પ્યેતિ ચુતર્વિધઃ ॥ (૧૧૭/૩)

॥ જૈન ગ્રન્થ – સંગીત ઉપનિષદ – સારોદ્ધાર ॥

જૈન મતાનુસાર રાગના ચાર ભેદ છે. દેશી, શુદ્ધ, સંકીર્ણ, છાયાલગ (સાલંક) તથા રાગોની સ્વર સંખ્યાથી જાતિ પણ ચાર છે. ઓડવ – ષાડવ – સંપૂર્ણ – અપૂર્ણ. વાસ્તવમાં સંગીતના વિપ્ર ગ્રન્થોમાં રાગ–જાતિનાં ત્રણ ભેદ છે તેવા ઉલ્લેખો મળે છે.

સ્વર – રાગનાં આરોગ્ય શાસ્ત્ર સાથેના સંબંધમાં સામાન્ય ફળાદેશની નોંધમાં જણાવવામાં આવી છે તે અંતર્ગત (૧) સંપૂર્ણ – સાત સ્વરના રાગસમૂહ માટે સમ્યક્ સ્વાસ્થ્યનું રક્ષણ અને વૃધ્ધિ તથા પુણ્યાત્મક ગુણોની અભિવૃધ્ધિનો ફળ દેશની નોંધ છે. (૨) ષાડવ – છ સ્વરના રાગ માટે પુરૂષની વીરતા તથા રૂપ શુભ ગુણોની વૃધ્ધિ કીર્તિ અને સ્ત્રી માટે રૂપ, લાવણ્ય વિગેરે શુભ ગુણોની અભિવૃધ્ધિ અને કીર્તિની નોંધ પ્રાપ્ત છે. (૩) ઔડવ – પાંચ સ્વર સમૂહનાં રાગ સમૂહ બાબતે શારીરિક વ્યાધિ સમૂહોનું પ્રશમન તથા શત્રુઓનો નાશ, માનસિક રોગોમાં ભય – શોકાદિનો વિનાશ તથા શરીર મન બંનેને અસર કરતાં ભૂતગ્રહ બાધા વિજ્ઞાન (જ્યોતિષ વિગેરે)માં આવતા રોગને દૂર કરવાં અનુષ્ઠાન – શાંતિ કર્મકાંડ વિગેરેની સામાન્ય નોંધ જાહેર કરવામાં આવી છે.

અર્થાત્ વ્યાધ પ્રત્યનિક વિભાગમાં ઔડવ રાગ સમૂહને સૌથી વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. જ્યારે સ્વસ્થ આરોગ્ય માટે, તેનાં સંરક્ષણ માટે અને શુભગુણોની અભિવૃદ્ધિ તથા કીર્તિ પ્રચાર – પ્રસાર માટે સંપૂર્ણ અને ષાડવ રાગ સમૂહોને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ તફાવત સ્પષ્ટ જણાઈ આવે છે. આપણો વિષય આરોગ્ય શાસ્ત્ર સાથે છે. આથી સમ્યક્ આરોગ્ય અને દૂષિત આરોગ્ય અંતર્ગત આ વિભાગમાં આપણે મૂળભૂત વ્યાધિ – રોગ પ્રશમન બાબતે રાગની ચર્ચા કરવાની છે. પરંતુ તે પૂર્વે રાગની જાતિ પ્રમાણે તેના પ્રકારો અને મહત્તમ રાગની સંખ્યા બાબતે સૌથી પ્રથમ જાણવાની અત્યંત જરૂરત છે.

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

રાગની જાતિનાં કુલ ૯ પ્રકાર છે. તેમાં ઔડવ – ષાડવ – સંપૂર્ણ તથા આ ત્રણેના વ્યામિશ્રથી સંકીર્ણથી, સંમિશ્રણથી અપૂર્ણ પદ્ધતિથી બીજી છ જાતિ પ્રકાર અસ્તિત્વમાં આવે છે. આ ૯ જાતિ અંતર્ગત રાગ સંખ્યાનું નિર્માણ કેટલું શક્ય છે ? તેની નોંધ જોઈએ અને પ્રત્યેક રાગનામની નોંધ અને નામનું ઐતિહાસિક તથા આરોગ્ય દૃષ્ટિથી મહત્ત્વનો વિચાર પણ કરીશું. રહસ્યને ઊજાગર કરીશું.

રાગનું નિર્માણ થાટથી થાય છે. સપ્તસ્વર અંતર્ગત મધ્યમ સ્વરને કેન્દ્રમાં રાખીને આરોહ – અવરોહ તથા પૂર્વાંગ – ઉત્તરાંગ પધ્ધતિથી શુધ્ધ મધ્યમ અને તીવ્ર મધ્યમ દ્વારા ૧૬ ૧૬ ૩૨ થાટ બને છે. પ્રત્યેક એક થાટમાં બાર સ્વર સમુદાય દ્વારા ૯ જાતિથી વિભાગ દ્વારા કુલ ૪૮૪ રાગ ઉત્પન્ન થઈ શકે છે. અર્થાત્ ૩૨ થાટ દ્વારા કુલ ૧૫૪૮૮ રાગ બની શકે છે. આ રીતે ગણિત છે. પરંતુ જાતિ દ્વારા તેમાં રાગોની સંખ્યા બાબતે વિગતોને સૂક્ષ્મથી તપાસ કરતાં ૯ જાતિમાં રાગોની સંખ્યા જોઈએ કારણ કે જાતિ દ્વારા જ ફળાદેશની ટૂંકી નોંધ જાહેર છે.

ઔડવ અને વ્યામિશ્ર જાતિમાં સૌથી વધારે ૩૩૦ રાગ ઉત્પન્ન છે જે વ્યાધિનાશ – આરોગ્ય સાથે સંબંધ ધરાવે છે જ્યારે સંપૂર્ણ અને વ્યામિક્ષ જાતિમાં સૌથી ઓછા કુલ માત્ર ૨૨ રાગ ઉત્પન્ન શક્ય છે. જ્યારે ષાડવ અને વ્યામિશ્રજાતિ વિભાગમાં કુલ ૧૩૨ રાગ ઉત્પન્ન થઈ શકે છે. અર્થાત્ ૩૩૦ + ૨૨ + ૧૩૨ = ૪૮૪ રાગ એક થાટથી ઉત્પન્ન છે.

યાદ રહે આ સર્વ રાગ ૭ શુધ્ધ સ્વર + ૪ કોમળ સ્વર + ૧ તીવ્ર સ્વર અર્થાત્ ૧૨ સ્વર સિધ્ધાંતમાં સમાવિષ્ટ છે પરંતુ જે રાગમાં બંને મધ્યમનો અર્થાત્ શુધ્ધ મધ્યમ અને તીવ્ર મધ્યમનો પ્રયોગ છે તેની નોંધ નથી અને સંખ્યાનો ઉલ્લેખ નથી. આ ઉપરાંત ચાર કોમળ સ્વરમાં પણ ચાર શુધ્ધ અને ચાર કોમળ સ્વર આ રીતે બંનેનો પ્રયોગ છે તેવા રાગોની ગણનાનો ઉલ્લેખો આ સંખ્યામાં સમાવિષ્ટ નથી. આ રીતે જો સંખ્યા ઉમેરવામાં આવે તો સંગીતમાં રાગોની ગણના અગણિત થઈ જાય છે. પરંતુ સિધ્ધાંતની પ્રરૂપણા અને સરળી કરણતાથી જ ૧ થાટમાં વધુમાં વધુ ૪૮૪ રાગની ગણના શાસ્ત્રમાન્ય છે તેમ સર્વ ગ્રન્થોમાં સર્વમાન્ય છે.

ઔડવ રાગ સંખ્યા :– વ્યાધિનાશ – શત્રુનાશ – ભયશોક વિનાશ અને ગ્રહશાંતિ કર્મની ફળપ્રાપ્તિ માટે ઔડવ રાગ અર્થાત્ પાંચ સ્વર સમૂહવાળા રાગનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

| ક્રમાંક | જાતિ | આરોહસ્વર | અવરોહસ્વર | રાગ સંખ્યા | ફળાદેશ |
|---|---|---|---|---|---|
| ૧ | ઔડવ – ઔડવ | ૫ | ૫ | ૧૫ × ૧૫ = ૨૨૫ | ઔડવ જાતિ પ્રમાણે |
| ૨ | ઔડવ – ષાડવ | ૫ | ૬ | ૧૫ × ૬ = ૯૦ | ઔડવ અને ષાડવ પ્રમાણે |
| ૩ | ઔડવ – સંપૂર્ણ | ૫ | ૭ | ૧૫ × ૧ = ૧૫ | ઔડવ સંપૂર્ણ પ્રમાણે |
| ૪ | ષાડવ – ઔડવ | ૬ | ૫ | ૬ × ૧૫ = ૯૦ | ષાડવ ઔડવ પ્રમાણે |
| ૫ | સંપૂર્ણ – ઔડવ | ૭ | ૫ | ૧ × ૧૫ = ૧૫ | સંપૂર્ણ ઔડવ પ્રમાણે |
| | | | કુલ રાગ | ૪૩૫ | સંખ્યા થાય છે. |

વાસ્તવમાં આરોહ – અવરોહ સ્વરના ક્રમથી વિચારીએ તો (૧) ઔડવ – ઔડવ (૨) ઔડવ – ષાડવ (૩) ઔડવ સંપૂર્ણ આ રીતે ત્રણ ભેદ પડે છે. પરંતુ અવરોહમાં પણ પાંચ સ્વરનો સમાવેશ હોય છે. તેથી (૪) ષાડવ – ઔડવ (૫) સંપૂર્ણ – ઔડવ આ રીતે બીજા બે જાતિ ભેદ પણ લખવામાં આવ્યા છે. આ અંતર્ગત રાગની સંખ્યા બાબતે જોઈએ.

સૌથી પ્રથમ ઔડવ – ઔડવ રાગ સંખ્યા જે ૧૫ X ૧૫ = ૨૨૫ રાગ બને છે. તેના વિષયમાં વિચારીએ કારણકે સંપૂર્ણ ફળાદેશ બાબતે જે વ્યાધિનાશ, શત્રુનાશ, ભયશોકવિનાશ, ગ્રહશાંતિકર્મ ગુણધર્મની નોંધ છે તેમાં ઔડવઃ પ્રોક્તા રાગ જગમનોહરાઃ લોકચિત્તરંજકરાગ દ્વારા આ ઔડવ ઔડવ રાગ ને સૌથી વધારે ફળપ્રાપ્તિ માટે જ જણાવવામાં આવ્યું છે. ત્યારબાદ ઔડવ સાથે ષાડવ અને ઔડવ સાથે સંપૂર્ણ જે આરોહ – અવરોહ અથવા અવરોહ – આરોહ સાથે સ્વર સંયોજન છે તેનો વિચાર કરીશું કારણકે તેમાં સામાન્યફળાદેશમાં ઔડવ સાથે જ ષાડવના ફળાદેશ તથા ઔડવ સાથે સંપૂર્ણ ના ફળાદેશનું મિશ્રણ થવાની સંભાવના વધુ રહે છે અર્થાત બે જાતિનું સંમિશ્રફળ પ્રાપ્તિ શક્ય બને છે. અને તેવા પ્રકારનાં ફળાદેશ મળી શકે છે.

જાતિ ઔડવ–ઔડવમાં કુલ ૨૨૫ રાગની સંખ્યા આવે છે. આ કુલ ૨૨૫ રાગ ને વિશ્લેષણાત્મક રીતે વિભાગ પાડવામાં આવે તો તે સરળતાથી સમજી શકાય તેમાં છે જે અંતર્ગત (૧) પુરૂષરાગ, સ્રીરાગિણી, પુત્રરાગ, પુત્રવધુરાગ (૨) ઋતુ અનુસાર વિભાગ

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

(૩) દિવસ રાત્રીનાં પ્રહર મુજબ વિભાગીકરણ (૪) પ્રકૃતિ દ્વારા વિભાગ (૫) રસ દ્વારા વિભાગ (૬) વાદિ – સંવાદિ વિગેરે દ્વારા વિભાગ (૭) શુદ્ધ કોમલ – તીવ્ર દ્વારા વિભાગ (૮) સંધિપ્રકાશ રાગ દ્વારા વિભાગ (૯) થાટ દ્વારા વિભાગ (૧૦) આશ્રય રાગ વિગેરેથી વિશ્લેષણ કરીને ઔડવ રાગના ફળાદેશ બાબતે સરળીકરણ કરી શકાય તેમ છે. કારણકે આ રાગનો સંબંધ સીધો જ આરોગ્ય શાસ્ત્ર સાથે છે. વ્યાધિ – રાગના શમન માટે તથા દૂર કરવાનો ફળાદેશ સ્પષ્ટ રીતે શાસ્ત્રમાં લખવામાં આવ્યો છે. પરંતુ ૨૨૫ રાગની સંખ્યાની નોંધ જોતાં આ વિષય ખૂબ જ ગંભીર છે.

સંગીતના જૈન ગ્રન્થોમાં રાગ સમૂહનો માલવ રાગરાજ : દ્વારા રાજા એ રાગરાજમાલકૌંશ છે જેથી જૈન તિર્થંકર ભગવાનોની વાણી – દેશના આ માલકૌંશ રાગમાં જ હોય છે. તે પ્રમાણે ઉલ્લેખ પ્રાપ્ત છે. તથા સંગીત શાળામાં પ્રવેશ કરવાવાળો રાગ છે. આ માલકૌંશરાગ ઔડવ–ઔડવ જાતિ વિભાગમાં જ આવે છે. આ ઉપરાંત કેટલાક રાગનો ઉલ્લેખ જોઈએ તો ઔડવ જાતિમાં આભોગી, આભોગીકાન્હડા, કલાવતી, ગુણકરી, ચન્દ્રકૌંશ, જલધર કેદાર, જૈત, જૈતકલ્યાણ, ઝીલક, તિલાંગ, દુર્ગા, દેવરંજની, દેશકાર, ધાની, નાગસ્વરાવલી, પહાડી, બડહંસ સારંગ, વૃંદાવની સારંગ, ભિન્નષડજ, ભૂપાલતોડી, ભૂપાલી, મધ્યમાદ સારંગ, માલકૌસ, માલશ્રી, માલારાની, મેઘરંજની, મેઘમલ્હાર, રસરંજની, રસચન્દ્ર, રાજેશ્વરી, રેવા, વિભાસ, વૈજ્યંતિ, શિવરંજની, શ્રીકલ્યાણ, સામંતસારંગ, સાંઝહિંડોલ, હિંડોલ, હેમકલ્યાણ, હંસધ્વનિ, હંસશ્રી વિગેરે વર્તમાન સમયે પ્રખ્યાત અને લોક પ્રચલિત છે. પરંતુ કુલ ૨૨૫ રાગોની ગણના અને તેનું શાસ્ત્રીય વિશ્લેષણ – વિભાગીકરણ દ્વારા સમજણ સરળતા જનક છે. તથા શારીરિક–માનસિક અને ઉભયાત્મક રોગ – વ્યાધિ ને દૂર કરવા નાશ કરવાં. શમન કરવાં ઔડવ – ઔડવ જાતિના રાગની પસંદગી પ્રથમ કરવાની હોય છે.

વાસ્તવમાં આહાર – નિંદ્રા – બ્રહ્મચર્યના ત્રિસ્તંભ ઉપર આરોગ્ય શાસ્ત્રની રચના થયેલી છે તથા તેનો ઉદ્દેશ સ્વસ્થસ્ય – સ્વાથસ્થ્ય રક્ષણામ્ તથા આતુરસ્ય રોગ પ્રશમનમ્ જ હોય છે. આ ઉદ્દેશ સંગીતમાં ખબૂ જ સારી રીતે સચવાયેલો છે. જે ફળાદેશથી સિધ્ધ પણ થાય છે.

**ડૉ. હેમંતકુમાર વૈદ**
**ડીપ્લોમા ઈન મ્યુઝીક**
**(એમ. એસ. યુર્નિવારસીટી, વડોદરા)**
**મો. ૯૪૨૮૩૯૯૫૨૬**

‘દષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# સફળતા–નિષ્ફળતા



સફળતા સૌને ગમે છે અને છતા પણ જીવનમાં આપણે જાણીએ છીએ તેમ નિષ્ફળ માણસોની સંખ્યા સફળ લોકો કરતા ઘણી વધારે છે. આપણી અંદર રહેલી શક્તિઓનો વિકાસ કરવામાં આવે તો જીવનના કોઈ પણ ક્ષેત્રે સફળતા મળી શકે છે. મન કલ્પવૃક્ષ છે ! જેની ઈચ્છા રાખશો એ પામશો. આપણું લક્ષ્ય આપણી સમક્ષ એકદમ સ્પષ્ટ હોવું જોઈએ. સફળતાનું આ રહસ્ય છે કે તમે જેટલી સ્પષ્ટતાપૂર્વક તમારી સામે રહેલા સ્વપ્નની પ્રતિ જોઈ રહ્યા છો એટલી જ સ્પષ્ટતાપૂર્વક તમે ઈચ્છિત લક્ષ્યને જોશો તો તમારા અંતર્મનમાં ઘર કરેલી બધી શક્તિઓ બહાર આવી તમારે સ્વપ્નને સાકાર બનાવી દેશે.

એક મિત્રનાં પત્ની માંદા પડ્યાં. હોસ્પિટલમાં એમને દાખલ કર્યા. એમને રોગ તો આમ કશો ન હોતો પણ એમને બીક પેસી ગઈ હતી કે હવે ટૂંકમાં જ તેઓ મરણ પામશે. બીકે તો એમના પર એવી તો સજ્જડ પકડ જમાવી કે દાદરો ઉતરતાં ય બીવા માંડ્યા. એમને થતું કે એ દાદરાં પરથી પડી જશે અને તરત મરણ પામશે ! મિત્રે પૈસાનું પાણી કર્યું પણ ડોક્ટરોએ કંઈ કરી શકવાની અશક્તિ દર્શાવી. મિત્ર નિરાશ થઈ બેઠા. એક વડીલને વાત કરી તો વડીલે એમને કહ્યું. 'તમે જરા પણ ચિંતા ન કરો. તમારી પત્નીને લઈને મારે ઘરે આવજો.' મિત્ર એમની પત્નીને લઈ બીજે દિવસે એ વડીલને ત્યાં ગયા. એમણે મિત્ર પત્નીનો હાથ જોયો (એ કંઈ જ્યોતિષી ન હોતા) અને વિશ્વાસભર્યા સ્વરે બોલ્યા– 'જુઓ બહેન, તમને કોઈ ગોળીએ દઈ દેને તોય તમે અઠ્ઠાવન વર્ષ પહેલાં મરવાનાં નથી, તમે ઝેર લેશોને તો એનીય અસર તમને નહિ થાય, મૃત્યુની બીક તમારા મનમાંથી સદંતર કાઢી નાખો. એમ ધારી લો કે તમે એકદમ સાજા થઈ ગયા છો.' વિધિનું કરવું તે મિત્રની પત્નીને શ્રધ્ધા બેઠી. બસ તે દિવસની ઘડી ને આજનો દિવસ એ પછી નથી કોઈ દિવસ મૂર્છા આવી કે નથી મૃત્યુની બીકે વિહ્વળ થયા. આ પ્રયોગ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. જો રોગી પોતાના રોગને દૂર થયેલો માની પોતાને સ્વસ્થ કલ્પે તો એ જલ્દી સાજો થઈ જવાનો એ સત્ય છે. સર્વ શક્તિઓનો સ્રોત આપણી અંદર જ છે. પોતાનું ભવિષ્ય આપણે સ્વયં નિર્માણ કરી શકીએ છીએ તે નિશ્ચિત સત્ય વાત છે.

**– દિલીપ શાહ, મુંબઈ,**

**મો. ૯૬૮૯૯૧૨૧૪૮**

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# વાયડા મિત્ર ન મળવા અંગે ...

કેટલાંક સમયથી 'વાયડામિત્ર' નિયમિત ન મળવાની ફરિયાદ વધતી રહે છે. 'વાયડામિત્ર' નિયમિત રીતે દર માસની ૧૦મી તારીખે અચૂક પોસ્ટ કરવામાં આવે છે. પરંતુ કોઈક કારણોસર અંક નિયમિત મળતાં નથી માટે વાયડામિત્ર જે તે માસની ૨૫મી તારીખ સુધી ન મળે તો નીચેનાં સરનામેથી રૂબરૂમાં પણ મેળવી શકાશે.

(૧) ફોન : ૦૭૯–૨૬૬૩૦૫૭૧
શ્રી વાયુદેવતાજી મંદીર,
ભાવના ફ્લેટ પાછળ,
નારાયણનગર રોડ,
પાલડી, અમદાવાદ

(૨) ફોન : ૦૭૯–૨૭૪૧૨૧૯૩
શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ
બી/૩૦૬, રુદ્ર આર્કેડ,
મે–ફલાવર હોસ્પિટલ પાસે,
હેલ્મેટ સર્કલ ડ્રાઈવ–ઈન રોડ,
અમદાવાદ

(૩) મો. ૯૯૦૯૨૬૫૨૭૦
શ્રી ઉમાકાંતભાઈ જે. પરીખ
શ્રી જે. જે. પરીખ એન્ડ બ્રધર્સ
૧૯, મહાકાંત, એલીસબ્રીજ,
અમદાવાદ

(૪) ફોન : ૦૨૬૫–૨૩૩૫૨૫૯
શ્રી હર્ષદભાઈ શ્રોફ
પ્રણવ ઈલેક્ટ્રીકલ્સ,
૧૪/એ, રાજલક્ષ્મી કોમ્પ્લેક્ષ,
જુના પાદરા રોડ, વડોદરા

(૫) મો. ૯૮૨૪૬૬૭૩૨૩
શ્રી અજય અરવિંદભાઈ પરીખ
શ્રી ગીરીરાજ શુટિંગ શર્ટિંગ,
૩/૪, અવિપ કોમ્પ્લેક્ષ, સ્ટેટ બેંક રોડ,
વેરાઈ ચકલા, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ**, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત શ્રી પ્રમોદભાઈને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

**જન્મ**

અમદાવાદ : ડો. ધવલ કિશોરભાઈ ગાંધીને ત્યાં પુત્રજન્મ, તા. ૧૮–૬–૨૦૨૦

**પરીક્ષા પાસ**

ભરુચ : વન્શ ધર્મેશ શાહ, ૧૨ સાયન્સ, સી.બી.એસ.સી, ૯૦%

ભરુચ : હેત્વી હેમાંગ ચોક્સી, ધો. ૧૦, સી.બી.એસ.સી, ૮૪.૪%

વડોદરા : અપૂર્વ અક્ષયભાઈ શાહ, બી.ટેક. (આઈ.ટી), ૮/૧૦ સી.જી.પી.એ., નિરમા યુનિવર્સીટી

**અવસાન**

માંડવી–કચ્છ : ચંદાબહેન કુંવરજીભાઈ શાહ, ઉ.વ. ૯૪, તા. ૧૪–૫–૨૦૨૦.

મુબઈ : શ્રી અશ્વિનકુમાર કાનજીભાઈ શાહ, ઉ.વ. ૬૬, તા. ૧૫–૮–૨૦૨૦.

ભરુચ : હાલ મુંબઈસ્થિત, ભરતભાઈ પ્રાણલાલ દલાલ, ઉ.વ. ૬૮, તા. ૬–૮–૨૦૨૦

**માર્મિક લઘુ કવિતા**

પ્રેમ અને મોતની પસંદગી તો જોવો.
એકને હૃદય જોઈએ
તો બીજાને ધબકારા..

# નમ્ર અપીલ

'વાયડા મિત્ર'માં પોતાના ધંધાની જાહેરખબર, પેનલ જાહેરખબર, ભેટ આપી સર્વે જ્ઞાતિબંધુ 'વાયડામિત્ર' પ્રત્યેની લાગણી પ્રગટ કરે છે. આ ફંડથી વ્યવસ્થાપનમાં ઘણી મોટી મદદ મળી રહે છે. આ માટે અમો આપ સર્વેનાં આભારી છીએ

દિવાળી જાહેરખબર, પેનલ જાહેરખબર તથા અન્ય જાહેરખબરનાં બીલ દરેકને પોસ્ટ દ્વારા તેમજ વોટ્સએપ દ્વારા પણ નિયમિત રીતે મોકલી આપીએ છીએ. મોટાભાગે બીલ મળ્યા બાદ જ્ઞાતિબંધુઓ બીલની રકમ તુરત જ મોકલી આપે છે. પરંતુ કેટલાંક કિસ્સામાં સમયની પ્રતિકુળતાનાં કારણે અથવા વ્યસ્તતાનાં કારણે રકમ સમયસર મોકલી શકાતી નથી. બાકી રકમ અંગે વ્યવસ્થાપન લેવલે દરેકને અંગત રીતે નમ્ર અપીલ કર્યા બાદ પણ બહુ થોડા કિસ્સામાં રકમ સમયસર પહોંચતી નથી તેથી વહીવટી ગૂંચ ઊભી થાય છે.

આગળનાં વર્ષની રકમ બાકી રહેવાથી ઓડિટ સમયે પણ હિસાબો ફાઈલન કરવામાં તકલીફ રહે છે.

આથી આપ સર્વેને નમ્ર વિનંતી છે કે રકમ સમયસર મોકલી આપો. કેટલાંક કીસ્સામાં સરનામું, ફોન નંબર, કોન્ટેક્ટ ન હોવાથી પણ બાકી રકમ અંગે જાણ કરવામાં અડચણ ઉભી થાય છે. તેથી હવેથી વા. મિ. ના અંકમાં આગળનાં વર્ષના બાકી બીલોની જાણકારી આપવાનું વિચારાધીન છે. જેથી પોતાનાં બાકી બીલની જાણકારી મેળવવામાં સરળતા રહે. આ અંગે આપનાં અમૂલ્ય સૂચનો મોકલી આપશો.

**આભાર સહ**
**નિશીથ પરીખ, વ્યવસ્થાપક**
**મો. ૯૪૨૮૪૬૧૮૨૨**

★★★

## વાર્ષિક શ્રધ્ધાંજલિ



**સ્વ. પ્રતિક ભારતભાઈ શાહ, નલીયા-કચ્છ**

**જન્મ તાઃ ૧૪-૧૧-૧૯૯૦ સ્વર્ગવાસઃ ૧૭-૦૯-૨૦૧૯**

તમારુ સાંનિધ્ય ગુમાવ્યાને એક વર્ષ થયું છતાં જાણ તમે અમારી સમીપ જ છો તેવી સતત અનુભૂતિ અમને થાય છે...

તમારો મિલનસાર, પરોપકારી તેમ જ લાગણીશીલ સ્વભાવ તેમ જ સમગ્ર પરિવાર/મિત્રવર્તુળ તેમ જ નલીયાના ગ્રામજનોમાં તમારા સ્વભાવને લઈને બહોળો પ્રભાવ હતો જે હજુ પણ ભુલાતુ નથી.

સમય વીતતો જશે પણ આપની યાદ અમારા સૌના હૃદયમાં કાયમ રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**લિ. શોકમગ્ન**

**સ્વ. જેઠાલાલ મુરારજી શાહ પરિવાર વતી**

**ભરત મથરાદાસ શાહ ના**

**જય શ્રી કૃષ્ણ**

★★★

## શ્રધ્ધાંજલિ



**હૃદયસ્થ શ્રી માલવીકાબહેન હેમેન્દ્રકુમાર શાહ**

**જન્મ તા: ૨૦-૯-૧૯૪૯ શ્રીજીચરણ: ૦૫-૦૬-૨૦૨૦**

પરમકૃપાળુ પરમાત્મા આપના

જીવાત્માને ચિર શાંતિ અર્પે

તેમજ આવી પડેલ દુ:ખ

સહન કરવાની સૌને શક્તિ આપો

એ જ પ્રાર્થના

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

## દીપોત્સવી અંક અંગે

દિવાળી અંકમાં ઘણા જ્ઞાતિબંધુઓ પોતાની જાહેરાત આપી 'વાયડામિત્ર' પ્રત્યેની શુભ ભાવના પ્રગટ કરે છે. આનાથી 'વાયડામિત્ર'ને આર્થિક રીતે ઘણી મોટી મદદ મળી રહે છે. અમે તે સૌનાં આભારી છીએ. વાયડા મિત્રને મદદ કરવાનાં ઉદ્દેશ્યથી ચાલુ વર્ષે નવીન જાહેર ખબર આપવાની ઈચ્છા હોય તો મને જણાવવા આગ્રહભરી વિનંતી છે.

- આ વર્ષે દિવાળી અંક **૨૫મી ઑક્ટોબરે** પ્રસિદ્ધ થશે જેથી નવેમ્બર માસનો અંક પ્રસિદ્ધ થશે નહિ, જેની વાચકમિત્રોએ ખાસ નોંધ લેવા વિનંતી છે.
- દિવાળી અંકનાં અંદરનાં પાનાંઓમાં આગલા વર્ષે જેમની જા.ખ. છપાઈ હોય તેમની જા.ખ. બીજા વર્ષે પણ રિપીટ કરવામાં આવે છે.
- આપની જા.ખ.ના લખાણમાં ફેરફાર કરવાનો હોય અગર સંજોગોવશાત્ જા.ખ. છાપવાની ન હોય તો તા. ૩૦-૦૯-૨૦૨૦ સુધીમાં ફક્ત લેખિતમાં (Whats App, SMS, email અથવા પત્ર દ્વારા) જાણ કરવી અન્યથા ગત વર્ષની જેમ જ જા.ખ. છાપીશું.
- દિવાળી અંકના ટાઈટલ પેજ (૨,૩,૪) ઉપર ઘણાં ભાઈ-બહેનો પોતાની જાહેરાત છપાવવા ઇચ્છે છે પરંતુ બધી જા.ખ.નો સમાવેશ થઈ શકતો નથી. આથી જ્ઞાતિબંધુઓની માંગણીને માન આપી આ વર્ષે પણ બે કવર પેજ (મલ્ટીકલર) છાપવાનો નિર્ણય કરેલ છે. (એક આઉટર કવર પેજ તથા બીજુ ઈનર કવર પેજ). **બેક કવર પેજનો દર રૂ. ૩૦૦૦/- તથા ૬(છ) ઈનર કવર પેજનો દર રૂ. ૨૦૦૦/- રાખેલ છે. ૩૦-૦૯-૨૦૨૦ પહેલાં મને જાણ કરવા વિનંતી છે.** આવેલ વિનંતીઓમાંથી ડ્રો દ્વારા નક્કી કરી ટાઈટલ પેજ ઉપર જા.ખ. છાપવામાં આવશે.
- અંદરના પાને મલ્ટી કલર પેજ છાપવાનો દર **રૂ. ૧૫૦૦/-** રાખેલ છે.
- દિવાળી અંકમાં આખા પેજ પર સિંગલ કલરમાં જા.ખ. છાપવાનો દર **રૂ.૬૫૦/-** છે જ્યારે અડધા પાનાની સિંગલ કલર જા.ખનો દર **રૂ.૩૫૦/-** છે.
- દિવાળી અંક માટેની જા.ખ. ફક્ત jpeg ફાઈલમાં મોકલવાની રહેશે.
- જા.ખ.ની સાઈઝ 12 cm (W) x 16 cm (H) ની રહેશે.
- **દિવાળી અંક માટેના અહેવાલ, વાર્તાઓ, લેખ તથા કવિતાઓ મોકલવાની છેલ્લી તારીખ ૩૦-૦૯-૨૦૨૦ છે જે ફક્ત તંત્રીશ્રીને મોકલવા જેની સૌ વાચકમિત્રો એ સવિશેષ નોંધ લેવી.**

**- નિશીથ એ. પરીખ, વ્યવસ્થાપક**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai – Kokilaben Parikh
Harshul – Alpa , Mrugesh - Ratna
Bhrita, Darsh, Parita, Darshil
Bakul – Nita Dalal
Meera – David Burns
Chinmay

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Regi. under RNI No. 6316/57. Permitted to post at Ahmedabad PSO On 10th of every month under postal regd. No. MEH Dn.-296/2019-2021 Issued By SSP, Mehsana, Valid upto 31-12-2021

પ્રકાશન ૧૦/૯/૨૦૨૦




ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ પરિવાર
તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH